# અનાદિમુક્ત

લેખન-સંકલન :  નૈષધ કે. માંડલિયા

પ્રકાશક: narayanleela.org

# અનાદિમુક્ત

લેખન-સંકલન : નૈષધ કે. માંડલિયા

પ્રકાશક: narayanleela.org

સર્વોપરી આદર્શ તત્વજ્ઞાનરૂપ વિશિષ્ટાદ્વૈત મતને શ્રીમુખવાણી વચનામૃત દ્વારા વિશિષ્ટરૂપે સરળ ભાષામાં સચોટ રીતે પ્રતિપાદિત કરનાર, શિક્ષાપત્રી રચી સર્વજીવહિતાવહ આદર્શો આપી ધર્મશુદ્ધિ, ચારિત્રશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ દ્વારા જીવોને સર્વોત્કૃષ્ટ આત્યંતિક કલ્યાણરૂપ અભ્યુદય સાધનાર પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શ્રીચરણોમાં શતકોટિ પ્રણિપાત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન તેમજ શ્રીહરિની

સર્વોપરી ઉપાસનાના અદ્વિતીય - અજોડ પ્રણેતા,

શ્રીમુખવાણી વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા

એવા શ્રીજી સંકલ્પસ્વરૂપ પરમ કૃપાળુ અનાદિ

મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના શ્રીચરણોમાં

કોટી કોટી વંદન સહ શ્રદ્ધાસુમન સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા
અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી તત્ત્વજ્ઞાનના

અમૃતસ્રોતને શ્રીજીસંકલ્પ અનાદિ મહામુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીએ કરુણા કરી માનવકુળ ઉપર

વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને ઝીલનાર છીપની

જેમ અધ્ધરથી ઝીલી લઇ વચનામૃત રહસ્યાર્થ

તેમજ વાતોરૂપ વચનમૌક્તિકો પ્રગટ કરી

મુમુક્ષુઓને આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર,

દાસત્વ અંગના પ્રતીક અ. મુ. સ. ગુ. શ્રી

ઇશ્વરચરણદાસજી સ્વામીને સ્નેહસભર વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનો

કૃપાપ્રસાદ પામી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ

ભગવાનના વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો પોતાના

આત્માને વિષે સાક્ષાત્કાર કરી અનાદિ મુક્તની

સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઇ અન્ય પાત્ર મુમુક્ષુ

આત્માઓને એવી દિવ્ય સ્થિતિનો અનુભવ

કરાવનાર મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ એવા અ. મુ. સ.

ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીને હૃદયની ભાવોર્મિ

સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ નામના ઉત્કૃષ્ટ ગ્રંથ દ્વારા

શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ તેમજ

પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે પ્રગટ કરી સત્સંગસમાજ

તેમજ સમગ્ર માનવકુળને ઉપકૃત કરનાર અને

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી થકી


અનાદિ મુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરનાર,

અખંડ શ્રીહરિની મૂર્તિનું જ મનન કરનાર એવા અ.

મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

સ્વામીના પદારવિન્દમાં પુનઃ પુનઃ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા, શ્રીજીસંકલ્પ સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું વિધાન "આ અમારા ઠાવકા પંડયા છે. આ પંડયાને અમે પ્રમાણ કર્યા છે." તથા જેમને 'હરતો-ફરતો બ્રહ્મયજ્ઞ' તરીકે સંબોધવામાં આવતા એવા કારણ સત્સંગના સમર્થ સૂત્રધાર અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદબાપાના ચરણોમાં ભક્તિભાવ સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ મહેતા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા

કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા શ્રીજી

સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી

અબજીબાપાશ્રીએ પ્રબોધેલા રહસ્યજ્ઞાનને જેમણે

સ્વાનુભવમાં આત્મસાત્ કરીને વૈજ્ઞાનિક

પરિપ્રેક્ષ્યમાં પ્રગટાવી અનેકને આધ્યાત્મિક

પથદર્શન કરાવ્યું છે એવા કરુણામૂર્તિ, પરમ

વાત્સલ્યસ્વરૂપ સદ્‌ગુરુવર્ય અનાદિ મુક્ત પરમ

પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના અજ્ઞાનવિદારક

શ્રીચરણોમાં સાદર સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# લેખકનું નિવેદન

મુક્ત કોણ? તો માયાથી મુકાણો એ મુક્ત! અને માયામાં બંધાણો તે બદ્ધ જીવ. મુક્તના પ્રકાર કેટલા? એકાંતિક કોને કહીએ? તેમના લક્ષણો શું? પરમ એકાંતિક કોને કહીએ? વળી અનાદિમુક્ત કોને કહી એ? મુક્તના ભેદ હોય ખરા? શ્રીજીમહારાજે પોતે આ માટે કોઇ ખુલાસો કર્યો છે? મોટા નંદ સંતોએ એ માટે શું કહ્યું છે? વળી મુમુક્ષુએ સત્સંગમાં આવ્યા પછી શું કરવાનું? આગળ કેમ કરીને વધાય? આવા અનેક પ્રશ્નો આપણને થતા હોય છે. અ.મુ. શ્રી અબજીબાપાના ગ્રંથોનો જેને અભ્યાસ કર્યો હશે તેમને અનાદિમુક્તની સ્થિતિની વાત તો સહજમાં જ ખબર હશે. પરંતુ આપણા સંપ્રદાયમાં અનાદિમુક્તની સ્થિતિની સમજણ પ્રચલિત થઇ નથી. આમ જોવા જઇએ તો સંપ્રદાયના ગ્રંથોમાં અનાદિમુક્તને જુદા-જુદા નામે ઓળખાવ્યા છે. ક્યારેક કૈવલ્ય મુક્ત, તો મોટા મુક્ત, તો મોટા પરમ એકાંતિક મુક્ત એ નામે ઘણી જગ્યાએ ઉલ્લેખ કર્યો છે. જેમ ઐશ્વર્યાર્થીમાં ઘણા ભેદ છે તેમ મુક્તના પણ ઘણા ભેદ છે.

આત્યંતિક મોક્ષની અંતિમ અને અત્યુતમ્ સ્થિતિ એટલે અનાદિમુક્તની સ્થિતિ! પરબ્રહ્મ સાથે રસબસપણે એકતા એટલે અનાદિમુક્તની સ્થિતિ! પરબ્રહ્મમાં અતિ પ્રેમે લીનતા એટલે અનાદિમુક્તની સ્થિતિ! જ્યાં જુવે ત્યાં શ્રીહરિજી જ ભાસે અને બીજું કાંઇ ભાસે જ નહીં એવી સ્થિતિ થાય તે અનાદિમુક્તની સ્થિતિ!

આ વાતનું વિસ્તરણ આ પુસ્તકમાં કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. પ.ભ. વિશાલભાઈ ગાંધી, રમેશભાઈ સોની અને પુનિતાબેનની મદદ માટે હું હ્રદયપૂર્વક આભાર માનું છુ. વળી અ.મુ. જીતુભાઇના આશીર્વાદ અને પ્રોત્સાહન માટે તેમનો ઘણો ઘણો હ્રદય પૂર્વક આભાર માનું છું.

અંતે શ્રીજીમહારાજ તથા મહા અનાદિમુક્ત અબજીબાપાના લાડીલા , વાત્સલ્ય મૂર્તિ ગુરુવર્ય અ.મુ. પ.પ. શ્રી નારાયણમામાના પુનિત ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ સહ આ અનાદિમુક્તની સ્થિતિ  સાદર સમર્પિત!!!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકાશકનું નિવેદન

નૈષધભાઈ કે. માંડલિયા કારણ સત્સંગના અગ્રગણ્ય મુક્તોમાંના એક છે. અમુપપૂ સોમચંદબાપાએ તેમના ઘરે દેહ વિલય કર્યો હતો. તેઓ કુશાગ્ર બુદ્ધિશાળી તેમજ અતિશય નિર્માની છે. ન માત્ર સત્સંગમાં પણ લોકની દૃષ્ટિએ પણ તેઓ વિખ્યાત pulmonologist (ફેફસાના ડૉક્ટર) છે. તેમણે વર્ષોના વર્ષો શ્રી અબજીબાપાશ્રીની વાતોનો તમેજ અનેક મુક્તોની વાણીનો ઘણો અભ્યાસ કરી તેમાં રહેલું અગાધ જ્ઞાન પચાવ્યું છે. તેમના તે અધ્યયન દરમ્યાન તેમણે અનેક વિષયો પર ગુઢ સંશોધન કર્યું છે. તેમાનો એક વિષય છે અનાદીમુક્તની સ્થિતિ.

તેમના આ સંકલનને સત્સંગ સમક્ષ રજુ કરવાનો narayanleela.org ને શુભ અવસર પ્રાપ્ત થયો છે. આ સંકલન મુમુક્ષુઓને ખૂબજ ઉપયોગી થઇ પડશે તેવું અમને દૃઢપણે લાગે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં ફાળો આપનાર દરેક સેવાર્થી પર શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, અમુપપૂ નારાયણમામા, અમુપપૂ લીલામાસી તથા અનંત અનાદિ મુક્તોનો ખૂબ રાજીપો તથા કૃપા ઉતરે તે જ પ્રાર્થના ને અભ્યર્થના!

શ્રી સ્વામિનારાયણ જયંતી, ચૈત્ર સુદ નવમી, સંવત ૨૦૮૦
તા. ૧૭ એપ્રીલ, ૨૦૨૪, બુધવાર
narayanleela.org પ્રકાશન સમિતિના
જય શ્રી સ્વામિનારાયણ!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**દિવ્ય પ્રેરણા**

સદ્દગુરુવર્ય અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**લેખન-સંકલન**

અ.મુ. શ્રી નૈષધભાઈ કે. માંડલિયા

**પ્રથમ આવૃત્તિ**

મૂલ્ય: અમૂલ્ય

**પ્રકાશન તારીખ**

તા. ૧૭ એપ્રીલ, ૨૦૨૪, બુધવાર

**પ્રકાશક**

© narayanleela.org

(રજી). નંબર 803671974, Registered in State of Texas)

Contact: info@narayanleela.org

**મુદ્રક**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

# અનાદિમુક્ત

# અનુક્રમણિકા

૧. પ્રારંભ

૨. મુક્ત સ્થિતિ શું છે?

૩. મુક્તોના ભેદ

૪. એકાંતિક મુક્ત કોને કહેવાય ?

૫. પરમ એકાંતિક મુક્ત

૬. અનાદિમુક્ત અને અ.મુ. અબજીબાપાશ્રીના વચનો

૭. મૂર્તિમાં રહેવાના પ્રમાણભૂત વચનો

૮. અનાદિમુક્ત અખંડ શ્રીજીસ્વરૂપમાં રહે છે

૯. અનાદિમુક્તના લક્ષણો

૧૦. અનાદિમુક્તની સ્થિતિ, નંદસંતોના વચનો

૧૧. શિક્ષાપત્રી

૧૨. પ્રસંગો દ્વારા અનાદિમુક્તની સ્થિતિ

૧૩. અ.મુ. અબજીબાપાશ્રીની વાતો

૧૪. અ. મુ. ગુરુવર્ય નારાયણમામાશ્રી અને મુક્તો

૧૫. અનાદિમુક્તની સ્થિતિના ભેદ

૧૬. છેલ્લા વર્તમાન

૧૭. ઉપસંહાર

૧૮. સંદર્ભગ્રંથો

૧૯. પરિશિષ્ટ

# ૧. પ્રારંભ

અક્ષરબ્રહ્મ આપણું સ્વરૂપ છે અને પરબ્રહ્મ આપણો આત્મા છે. આ સનાતન સત્ય માન્યતાને દ્રઢ કરવાથી જ અનાદિમુક્તની સ્થિતિ ઉપલબ્ધ થાય છે અને પછી તો અખંડ દિવ્યાનંદનો સાગર રેલાય છે.

જીવનમાં જાણેલું ૧૦% કામ આવે છે, માનેલું ૫૦% ફળિભૂત થાય છે, જ્યારે કે જીવનમાં આચરેલું ૧૦૦% ચરિતાર્થ થાય છે! આપણી માન્યતા જ આપણી પ્રાપ્તિનો આધાર બને છે.

કોઈ કાળે આપણે દેહરૂપે નહોતા, પરંતુ હું દેહ છું એમ માની લીધું તો આપણા નિર્વિકારી આત્માની આજુબાજુ દેહભાવરૂપી અજ્ઞાનનું એવું આવરણ આવી ગયું કે આપણે આપણા સ્વયંને જ ખોઈ બેઠા!

એ અજ્ઞાનમય આવરણને ભેદવા માટે આપણે હું બ્રહ્મ છું, હું પરબ્રહ્મરૂપ છું - એ સત્યને આત્માસાત કરવાનું છે. એને જ ઉપાસના કહે છે, એને જ ભગવદનિષ્ઠા કહે છે!

આ રીતે બ્રહ્મ-પરબ્રહ્મનો સ્વીકાર થાય ત્યારે તેમાં સર્વે સત્શાસ્ત્રોનો સાર સમાઈ જાય છે. શાસ્ત્રોના શબ્દો માત્ર વાંચવા -વંચાવવા કે કહેવા-સંભળાવવા માટે જ નથી, એ તો જીવવા માટે છે. જે એ શબ્દોને જીવે છે તેનું જ જીવન ધન્ય બને છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૨. મુક્ત સ્થિતિ શું છે?

સામાન્ય જીવ સહજ સ્વભાવે કર્મબદ્ધ છે. તે ગમે તેટલા પુણ્યકાર્ય કરે છતાં પણ કર્મના બંધનમાંથી મુક્ત થઈ શકતો નથી! જ્યારે તે અનાયાસે કોઈ સિધ્ધ મુક્તોના યોગમાં આવે છે, ત્યારે એ મોટાપુરુષ તેને કર્મના બંધનમાંથી મુક્ત કરી આત્યાંતિક કલ્યાણના રાજમાર્ગ ઉપર પ્રસ્થાપિત કરે છે. તેને જ છેલ્લા જન્મના આશીર્વાદ કહે છે. ત્યાર પછી તે જીવ ભગવાન સ્વામિનારાયણના વ્યતિરેક સંબંધમાં આવે છે. પ્રારંભમાં એ ગુણબુદ્ધિવાળો ભક્ત બને છે. પછી જેમ જેમ તેની પાત્રતા વધતી જાય છે તેમ તેમ એ ચાલોચાલ અને પછી એકાંતિક મુક્તની સ્થિતિ પામે છે, જીવની આ ઉત્ક્રાંતિને શ્રીહરિએ વચનામૃતમાં દીવાથી માંડીને વડવાનળ અગ્નિના દૃષ્ટાંત દ્વારા ખૂબ સુંદર રીતે સમજાવી છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૩. મુક્તના ભેદ

શ્રીજીમહારાજે પોતે વડતાલ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં મુક્તના પ્રકાર વિષે વાત કરી છે.

અતિશય માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો તેમાં ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય ત્રણેય આવી જાય છે. આવી અસાધારણ ભક્તિ મોટા પુરુષની સેવા થકી આવે છે. આવા મોટા પુરુષના ચાર પ્રકાર છે.

## ૧. દીવા જેવા

સ્ત્રી, દ્રવ્ય, ખાનપાન, આદિક પદાર્થોનો સંબંધ ઘણો હોય તેને ભોગવવાનો કોઈ વખત સંકલ્પ થઇ જાય એ દીવા જેવા જાણવા.

## ૨. મશાલ જેવા

ઉપર કહ્યા એ પદાર્થોના યોગમાં સદાય રહેતા થકા પણ તેને ભોગવવાનો સંકલ્પ થાય નહીં પણ બળાત્કારે નિયમ મુકાવે એવો અધર્મી મનુષ્યનો ઘણો પ્રસંગ હોય તો તેને ભોગવવાનો સંકલ્પ થાય એવા મશાલ જેવા જાણવા.

ઉપર કહ્યા એ બે જાતના મોટા પુરુષો વિષયોને દેહે કરીને ભોગવતા નથી. જે વિષયોને ભોગવે અને આજ્ઞાનો ભંગ કરે તેને મોટા પુરુષ કહેવાય જ નહીં .

## ૩. વીજળી જેવા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ઓલવાય નહીં અને એના સમાગમ કરનારાને પણ પોતા જેવા નિર્વાસનિક કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે હેત કરાવે ને બીજેથી લુખા કરે તે વીજળી જેવા કહેવાય. શ્રીજીમહારાજ તેમને એકાંતિક સાધુ કહે છે.

૪. વડવાનળ જેવા

જેમ વડવાનળ અગ્નિ સમુદ્રમાં રહ્યા ખારા પાણીને મીઠું કરે છે તેમ આવા મોટા પુરુષ મહા અધમ જીવને પણ સંકલ્પ માત્રમાં નિર્વાસનિક કરીને શ્રીજીમહારાજના સુખે સુખિયા કરે તે સિદ્ધદશાવાળા “પરમ એકાંતિક” તથા “અનાદિ” તે વડવાનળ જેવા કહેવાય. શ્રીજીમહારાજ આવા વડવાનળને તો પોતે ભગવાન છે એમ કહે છે, કેમ કે આવા મુકતો શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા હોવાથી શ્રીજીમહારાજના કલ્યાણકારી ગુણો તેમાં આવે છે. આ ઠેકાણે વડવાનળ જેવાને તો પોતે ભગવાન છે એમ પોતાના મુક્તોનો મહિમા કહ્યો છે. તેમને શ્રીજીમહારાજ ન સમજવા. જો એમ સમજીએ તો શ્રીજીમહારાજ પણ સત્પુરુષ ઠર્યા. માટે એમ નથી. શ્રીજીમહારાજ તો મુક્તના નિયંતા, સ્વામી અને આધાર છે. અને મુક્ત તો દાસ અને સુખભોક્તા છે. આવા મુક્તો શ્રીજીમહારાજની પેઠે જ જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ છે.

આમ જોવા જઈએ તો શ્રીજીમહારાજે પોતે જ મુક્તોના ભેદ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સમજાવ્યા છે. એમાં વડવાનળના અગ્નિ જેવા મુક્તો શ્રીજીમહારાજનું સાધર્મ્યપણાને પામેલા સિદ્ધ મુક્તો છે અને તેમને જ પરમ એકાંતિક અને અનાદિમુક્ત કહેવામાં આવ્યા છે.

તો સવાલ એમ થાય છે કે શ્રીજીમહારાજનું સાધર્મ્યપણું એટલે શું ?

## સાધર્મ્યપણું એટલે શું?

જ્યારે સાધનિક એકાંતિક મુક્ત શ્રીજીમહારાજની કૃપા થતાં સિદ્ધદશાને પામે છે ત્યારે તેનામાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ જેવા કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થાય છે. પરિણામે એ પરમ એકાંતિક અને અનાદિમુક્તને શ્રીહરિ પોતાના જેવું સ્વરૂપ, લાવણ્યતા, સ્વતંત્રતા, ઐશ્વર્ય, સામર્થ્ય વગેરે ગુણોથી વિભૂષિત કરી પોતાના તુલ્યપણાને અર્થાત્ સાધર્મ્યપણાને પમાડે છે!

સાધર્મ્યપણું એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય વ્યતિરેક સ્વરૂપ જેવું મૂર્તિમાન સ્વરૂપ પામી તેમના સર્વે ગુણો આત્મસાત કરી દાસભાવે તેમના તુલ્યપણાને પામવું!

શ્રીજીમહારાજે ગ.પ્ર.૬૪ અને ગ.મ.૬૭મા વચનામૃતમાં આ અંગે વિગતવાર વાત કરી છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૪. એકાંતિક મુક્ત કોને કહેવાય ?

જે શ્રીજીમહારાજને જેમ છે તેમ અન્વય-વ્યતિરેકપણે સમજતા હોય, પંચવર્તમાન પૂરેપૂરા પાળતા હોય, તેમજ શ્રીહરિ સિવાય જેમને બીજી કોઈ વાસના ન હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને ભક્તિ-આ ચાર સાધન જેમણે સિદ્ધ કર્યા હોય તથા પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન-ભજન કરે તેમને એકાંતિક મુક્ત કહે છે.

## એકાંતિક મુક્તના લક્ષણો

શ્રીજીમહારાજે એકાંતિક મુક્તના લક્ષણ વચનામૃતમાં આ પ્રમાણે બતાવ્યા છે:

૧. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી અને એકાંતિકપણું કહીએ. (લોયા-૬)

૨. ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય. (પ્ર.૧૧)

૩. પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય. (પ્ર.૧૧)

૪. "...એટલે આવો ભક્ત પોતાને દેહરૂપ માને નહીં, ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં (મ.૨૨)

૫. જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એકાંતિકનો ધર્મ પમાય છે. (પ્ર.૬૦)

એકાંતિક ભક્ત સાધનદશામાં છે. આવો ભક્ત જ્યારે ભગવાનનો કૃપાપાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ તેને પોતાની પાસે રાખે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૫. પરમ એકાંતિક મુક્ત

પરમ એકાંતિક મુક્તની સ્થિતિ એકાંતિક કરતા વધારે છે. તેઓ સિદ્ધદશાને પામેલા મુક્તો છે. શ્રીજીમહારાજે તેમને વડવાનળ અગ્નિ જેવા અને ભગવાન જેવા કહ્યા છે. આ મુક્તો સદા દિવ્ય, દ્વિભુજ, સાકાર, તેજોમય મૂર્તિ છે. તેમનો આકાર શ્રીજીમહારાજ જેવો છે અને શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા છે. કાયમ સેવામાં રહ્યા છે. અને અક્ષરધામમાં શ્રીજીમહારાજની સન્મુખ રહીને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લે છે.

## તેના પ્રમાણભૂત વચનો નીચે પ્રમાણે છેઃ

૧. સર્વથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારેકોર પ્રમાણે રહિત છે ને અનંત છે. ને તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે, તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનની ચારેકોર અનંતકોટી મુક્ત બેઠાથકી તે નારાયણના દર્શન કરે છે. – (લો .૧૪)

૨. તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. એ મૂર્તિને ચારેકોર મુક્તના મંડળ ભરાઈને બેઠા છે. તે સર્વે મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. - (મ.૧૩)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૩. અક્ષરધામને વિષે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે, અને તે ભગવાનનો તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે. - (છે.૩૮)

૪. અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંતકોટી મુક્ત તે એ ભગવાનની સેવાને વિષે રહે છે. અને તે ભગવાનના સેવકના એક એક રોમને વિષે કોટી-કોટી સૂર્યના જેવો પ્રકાશ છે. – (પ્ર.૬૩)

આમ પરમ એકાંતિક મુક્તના લક્ષણો કહ્યા છે.

આવા સિદ્ધ પરમ એકાંતિક મુક્તની ઉપર પણ અનાદિમુક્તની સ્થિતિ છે. ચાલો આપણે એની વાત કરીએ.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૬. અનાદિમુક્ત અને અ.મુ.અબજીબાપાશ્રીના વચનો

સૌ પ્રથમ સવાલ એ થાય છે કે "**અનાદિમુક્ત**" નામના શબ્દનો પ્રયોગ શ્રીજીમહારાજે કર્યો છે કે નહીં?

તો ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતે કહે છે કે હું અનાદિમુક્ત છું. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૩૨ વચનામૃતમાં કહે છે કે નારદ-સનકાદિક જેવા અનાદિમુક્ત છે.

આથી સાબિત થાય છે કે "**અનાદિમુક્ત**" જેવું કાંઈક છે. વળી શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૨ વચનામૃતમાં માળો અને ખીલો એમ બે દ્રષ્ટાંત આપે છે. ખીલાની સામે જેમ ગાયને બાંધવામાં આવે છે, ખીલાની સન્મુખ ગાયની સ્થિતિ છે તેમ પરમ એકાંતિક મુક્ત શ્રીજીમહારાજની સન્મુખ રહ્યા છે. અને જેમ માળામાં પંખી રહેતા હોય છે તેમ અનાદિમુક્ત શ્રીજીમહારાજમાં રહ્યા હોય છે. એમ શ્રીજીમહારાજ માળા અને ખીલાના દ્રષ્ટાંતે સમજાવે છે.

વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૨૧ વચનામૃતમાં શ્રીજીમહારાજ અનાદિમુક્તની સ્થિતિ પરમ એકાંતિક મુક્ત કરતા વધારે હોય છે. તે સમજાવતા કહે છે કે, "ભગવાનના પાર્ષદ (પરમ એકાંતિક મુક્ત, શ્રીજીમહારાજની સમક્ષ રહીને સેવા-સુખ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

લેનાર) થકી અધિક જો આ સત્સંગીને (મહારાજ ગોપાળાનંદ સ્વામીનો ઉલ્લેખ કરે છે.) ન જાણતા હોય તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે."

તો ભગવાનના પાર્ષદ ભગવાનની સન્મુખ રહે અને તે પરમ એકાંતિક મુક્ત થયા. તેમના કરતા આ સત્સંગી (સ .દ્.અ.મુ.ગોપાળાનંદ સ્વામી)ને અધિક કહ્યા આથી એમની સ્થિતિ પરમ એકાંતિક કરતા અધિક થઇ. આ સ્થિતિને અનાદિમુક્તની સ્થિતિ કહી છે.

તે અનાદિમુક્ત એટલે સિદ્ધદશાને પામેલા, વડવાનળ અગ્નિ જેવા, શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા મહામુક્તને હરિજી કૃપા કરીને પોતાની સાથે એકાત્મતા પમાડીને સદાય મૂર્તિમાં રાખે છે. આવા મુકતો રસબસ થકી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ એકકાળાવિછિન્ન લીધા કરે છે.

અ.મુ. અબજીબાપાશ્રીએ કૃપા કરીને પોતાની વાતોમાં ઠેર ઠેર અનાદિમુક્તની વાતો કરી છે. તેને ટૂંકાણમાં જોઈએ.

૧. અનાદિમુક્તની સ્થિતિ પરમ એકાંતિક કરતા અધિક છે.

૨. અનાદિમુક્તને મૂર્તિ સાથે એકાત્મપણું છે.

૩. મોટા અનાદિને તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રોમરોમ પ્રત્યે રસબસ રહેવાપણુ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૪. અનાદિમુક્ત તો રસબસ રહેતા થકા મૂર્તિમાં કિલ્લોલ કરે છે.

૫. જેટલા ભગવાનના અવયવ એટલા અનાદિમુક્તના અવયવ. તેજોમય મૂર્તિ ઝળળ ઝળળ ઝળકે છે. તેમાં મુક્ત સર્વે રહ્યા છે. મહારાજની મૂર્તિમાં અનેક જાતના સુખ રહેલા છે. અનાદિ મુક્તને મહારાજનું સુખ જ્યાંથી લેવું હોય ત્યાંથી મળે છે અને રોમરોમના નવીન નવીન સુખ ભોગવે છે.

૬. અનાદિમુક્ત તે પુરુષોત્તમરૂપ છે.

૭. અનાદિમુક્ત તો મૂર્તિથી ક્ષણમાત્ર પણ જુદા રહેતા નથી. એટલે એ જ્યાં હોય ત્યાં શ્રીજીમહારાજ હોય અને જ્યાં શ્રીજીમહારાજ હોય ત્યાં એ હોય.

૮. શ્રીજીમહારાજનો મહિમા જેવો છે એવો અનાદિમુક્ત વિના બીજા કોઈથી જાણી શકાતો નથી.

૯. શ્રીજીમહારાજ અને મોટા અનાદિમુક્ત તો અધમ જેવા જીવ હોય તોય દ્રષ્ટિમાત્રે કલ્યાણ કરી નાખે એવું એમનું સામર્થ્ય છે.

૧૦. અનાદિમુક્ત અખંડ એકતાથી મૂર્તિમાં જોડાઈ રહ્યા છે. તેમને શ્રીજીમહારાજે જીવોના કલ્યાણ સારું અહીં મુક્યા છે.

૧૧. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજને જરાય પણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જુદાપણું નથી.

૧૨. અનાદિમુક્ત મૂર્તિમાંથી સુખ લે છે.

૧૩. શ્રીજીમહારાજના સુખનું દ્વાર અનાદિમુક્ત છે.

૧૪. અનાદિમુક્ત કોટાનકોટિ કલ્પ વીતી જાય તો પણ મૂર્તિના સુખમાંથી તૃપ્ત થતા નથી. અને સુખમાં લુબ્ધ થઇને સળંગ જોડાઈ રહ્યા છે. સુખમાં થીજી ગયા છે. કિલ્લોલ કરે છે, સુખમાં ચાલ્યા જ જાય છે, અને અપારને અપાર સુખ અનુભવે છે.

૧૫. અનાદિમુક્ત જળસ્નેહી મીન અને ચંદ્રસ્નેહી ચકોરની પેઠે મૂર્તિમાં જોડાયેલા છે.

૧૬. અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા મુમુક્ષુને મૂર્તિમાં રાખવા શ્રીજીમહારાજના સંકલ્પે દૃષ્ટિગોચર થાય છે.

૧૭. કારણ મૂર્તિના પમાડનાર અનાદિ મહામુક્ત છે.

૧૮. અનંત અનાદિ મહામુક્તો શ્રીજીમહારાજની મૂર્તિમાંથી સુખ લીધા જ કરે છે પણ કોઈ પાર પામતા નથી. એ મૂર્તિ સૌને જીવનદોરી રૂપ છે. સુખ માત્રનું સ્થાન એ કારણ મૂર્તિ છે.

૧૯. અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા પ્રત્યક્ષ દર્શન આપે છે.

૨૦. અનાદિમુક્તો આ લોકમાં બીજું કાંઈ કરવા નથી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આવતા. એ તો જે જીવ નજરે ચડે છે કે જોગમાં આવી જાય તેને અનાદિ કરી મૂર્તિમાં લઇ જવા આવે છે.

૨૧. શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત વિના આત્યંતિક કલ્યાણ કોઈ પાસે નથી.

૨૨. જેમ લોહ ચમકને ખેંચે તેમ અનાદિમુક્ત જીવને શ્રીજીમહારાજની મૂર્તિમાં ખેંચી લે છે.

૨૩. શ્રીજીમહારાજે જે અનાદિમુક્ત દ્વારા અનેક જીવનો મોક્ષ કરવાનો સંકલ્પ કર્યો હોય તે મુક્તનું સ્વરૂપ દિવ્ય હોય, તેમાં મનુષ્યભાવ ન હોય. અહીં દેખાય છે તો પણ મૂર્તિમાં જ રહેલા છે. ક્યારેય જુદા પડતા નથી. રસબસ ભાવે ભેળા રહે છે. એવા અનાદિમુક્તનું બોલવું, ચાલવું, ખાવું-પીવું એ સર્વે શ્રીજીમહારાજને આધીન છે. જેમ સાધનદશાવાળા ખાય, પીએ, ઉઠે, બેસે તે બધું દેહને આધીન થકા કરે છે, તેમ અનાદિમુક્તની સર્વે ક્રિયા શ્રીજીમહારાજને આધીન છે. શ્રીજીમહારાજ સ્વામી ને અનાદિમુક્ત સેવક, શ્રીજીમહારાજ સુખના દાતા ને મુક્ત સુખના ભોક્તા, એમ જુદાપણું છે. એવા અનંત મુક્ત શ્રીજીમહારાજના સુખમાં ગરકાવ થકી અખંડ રહે છે.

૨૪. અનાદિમુક્તો ક્રિયા કરતા જણાય પણ મટકું ભરે તેટલી વાર પણ મૂર્તિ ભૂલતા નથી .

૨૫. મૂર્તિનું સુખ અનાદિમુક્તના જોગે તત્કાળ આવે છે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તો પણ એમ જાણવું કે એ સુખ તો શ્રીજીમહારાજ જ આપે છે કેમ કે પીરસનાર મુક્ત દેખાય છે પણ સુખના ધણી તો એક શ્રીજીમહારાજ જ છે.

૨૬. મોટાની વાત જાણ્યા વગર કેટલાક કહે છે કે મૂર્તિમાં મુક્ત કેમ રહેતા હશે? પણ એ વાત તો મૂર્તિરૂપ થયેલા મુક્તની છે. તે દેહધારીને કેમ સમજાય ? એ તો મોટા મુક્તને દિવ્ય જાણીને તેમનો વિશ્વાસ રાખે અને મન-કર્મ-વચને જોગ કરીને કૃપા મેળવે તો સમજાય.

૨૭. અનાદિમુક્તને તો એક મૂર્તિરૂપી જ રસ છે. એમની દ્રષ્ટિમાં બીજું કાંઈ જ નથી.

૨૮. મૂર્તિમાં લીન થવાપણું જળમાં જળની પેઠે ન સમજવું. દાતા-ભોક્તા, સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે.

૨૯. શ્રીજીમહારાજ જેમ સર્વ પ્રકારે નિર્બન્ધ હોય છે અને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ અનાદિમુક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બન્ધ થાય છે.

૩૦. અનાદિમુક્ત તે નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીજીમહારાજના ચરણારવિંદને પામ્યા હોય છે.

૩૧. મોટા અનાદિમુક્ત છે તે તો અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ છે. તે અનંત જીવના આત્યંતિક મોક્ષને અર્થે દયા કરી પૃથ્વી ઉપર મહારાજના સંકલ્પે દેખાય છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જે જીવ દ્રષ્ટિએ ચડે તેને ન્યાલ કરે છે. એવા મુક્તો તો બ્રહ્મની જ મૂર્તિ છે. તેને હરિરૂપ કહીએ, પુરુષોત્તમરૂપ કહીએ, અને મૂર્તિના મહારસના પાન કરનારા કહીએ. એની સર્વે ક્રિયા અલૌકિક છે, નિર્ગુણ છે, દિવ્ય છે. એ જ્યાં વિચારતા હોય ત્યાં પુરુષોત્તમ ભગવાન, અક્ષરધામ જે શ્રીજીમહારાજનું તેજ, તથા અનંત મુક્ત એ સર્વે હોય. તે પોતાને સામર્થ્યે દ્વારા અનેકને દિવ્યદ્રષ્ટિ કરાવી એ સર્વે દેખાડે. એમની છાયામાં સુખ, સુખ અને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય. એવા મહામુક્ત તો પુરુષોત્તમની મરજીરૂપ સદાય વર્તે છે અને મૂર્તિના સુખમાં લુબ્ધ રહે છે. જેમ લક્ષ્મીજી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સ્નેહે કરીને લીન રહે છે તેમ તે મુક્ત પણ સ્નેહના અધિકપણે કરીને લીન રહે છે. એવા મોટા મનુષ્ય જેવા ભાસે છે પણ તે તો અલૌકિક દિવ્ય મૂર્તિ જ છે. તે જન્મતા નથી, મનુષ્યરૂપે થયા નથી પણ તે તો સદાય પુરુષોત્તમની મૂર્તિમાં જ છે.

આમ અ.મુ. અબજીબાપાશ્રી એ અનાદિમુક્ત માટે ઘણી ઘણી વાતો કરી છે. આપણે અંતમાં પણ બાપાશ્રીની વાતોમાંથી અનાદિમુક્તની સ્થિતિને સમજવાનો પ્રયાસ કરીશું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૭. મૂર્તિમાં રહેવાના પ્રમાણભૂત વચનોઃ

૧.સા.૧૧:

પુરુષ પ્રયત્ન કરીને પાંચ સાધન સિદ્ધ કરે ત્યારે ભગવાનની કૃપાનો પાત્ર થાય છે. ત્યારે એકાંતિક ભક્ત થાય છે. અને શ્રુતિમાં કહ્યું જ છે, "|| **निरंजनः परमं साम्यमुपैति ||**" અર્થાત્ અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે. કહેતા જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે બંધાય નહીં. અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઇ જાય છે ને ક્યારેક તો નોખા રહ્યા થકા ભગવાનની સેવામાં રહે છે તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ક્યારેક તો ભગવાનને વિષે લીન થઇ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકા ભગવાનની સેવામાં રહે છે. અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ તે ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની સામર્થી તે તો ભગવાનની કૃપા થકી જ આવે છે.

૨. મધ્યનું ૨૫:

ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મુકશે ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પણ પામશે ને ભગવાનના ચરણાવિંદમાં નિવાસ કરીને રહેશે ! એટલે શ્રીહરિજીની મૂર્તિમાં રહેશે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

### ૩. હરિવાક્ય સુધા સિંધુ તરંગ-૯:

. . .

શ્રીજીમહારાજ જે ભક્ત ઉપર કૃપા કરે છે તે ભક્ત શ્રીજીમહારાજના પરમ સાધર્મ્યપણાને પામે છે ને તે મુક્ત શુભ -અશુભ કર્મે શ્રીહરિજીની પેઠે બંધાતો નથી. અને તે મુક્ત લક્ષ્મીજીની પેઠે ભગવાનમાં ઐકયપણુ પામે છે ને ક્યારેક પૃથક રહીને ભક્તિ કરીને લક્ષ્મીજીની પેઠે તે ભગવાનને સેવે છે અને ક્રિયાને વિષે ભગવાનની પેઠે સ્વતંત્રપણું પામે છે. આમાં મુક્ત ભગવદ્ભાવને પામે છે ને ભગવાનમાં રહે છે એવો ભાવ છે.

### ૪. શિક્ષાપત્રી શ્લોક ૧૧૧:

... અને એ જે રાધિકાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા.

### ૫. સત્સંગિજીવન પ્ર-૨, અ.૪૫માં પણ મુક્ત મૂર્તિમાં રહે છે એમ કહ્યું છે:

જ્ઞાની એવો પ્રેમી ભક્ત તે કોઈ સમયે પોતાના હૃદયાકાશમાં પ્રગટ એવા શ્રીહરિજીને જોઈ અતિશય વૃદ્ધિ પામેલ સ્નેહ તેણે કરીને પરવશ થઈને બોલવાને પણ સમર્થ થતા નથી. ને દેહની ભાવના ભૂલી જાય છે. ને મારારૂપ થઈને મારી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઈચ્છાથી મૂર્તિમાં લીન થઇ જાય છે. તે લીનપણુ જળમાં જળની પેઠે ન સમજવું. દાતા–ભોક્તા ને સ્વામી- સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે. ત્યાર પછી મારી ઈચ્છાથી બહાર આવે છે એટલે પોતાની સ્મૃતિને પામે છે.

૬. સત્સંગિ ભૂષણ અંશ-૩, અ-૨૪માં પણ મૂર્તિમાં રહેવાનું કહ્યું છે:

... આ સચ્ચિદાનંદ મુનિ દુર્ગપુરમાં રહ્યા છે, તો પણ તે સચ્ચિદાનંદ મુનિનો આત્મા ધર્મપુરમાં રહેલા શ્રીહરિજીની મૂર્તિમાં રહ્યો છે. તેથી તે મુનિને પોતાના દેહની સ્મૃતિ નથી. અને ધર્મપુરમાં શ્રીજીમહારાજે વસંતપંચમીનો ઉત્સવ કર્યો તેને, તથા તે પુરમાં બીજી પણ જે જે લીલા કરી તેને સચ્ચિદાનંદ સ્વામી પોતાની દ્રષ્ટિએ દેખીને દુર્ગપુરમાં રહેલા જે સાધુ તથા દાદાખાચર તેને કહી બતાવતા હતા. વળી સચ્ચિદાનંદ મુનિ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે. માટે શ્રીજીમહારાજ જમતા ત્યારે તેમના ભેળા તે મુનિ જમતા.

આમ મૂર્તિમાં રહેવાના ઘણા પ્રમાણભૂત વચનો છે.

હવે અનાદિમુક્ત અખંડ શ્રીજીમહારાજના સ્વરૂપમાં રહે છે તે વિશે આપણે જોઈશું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૮. અનાદિમુક્ત અખંડ શ્રીજી સ્વરૂપમાં રહે છે

૧. સત્સંગિ ભૂષણ અંશ-૩, અ-૨૭માં,

**अविरत मविवादडस्मासु तस्यापि दोषं ।**

**कमपि वयमवेक्ष्य स्मः स्थितास्तदपीशः ॥**

આપણે આ શ્રીહરિજીના સ્વરૂપને વિષે અર્થાત્ તેમની મૂર્તિમાં નિશ્ચે નિત્ય રહીએ છીએ. તો પણ શ્રીહરિજી આપણે વિષે કોઈ દોષને જોઈને અત્રે પધારતા નથી .

૨. સ.મૂ. અંશ-૧ માં,

**स्वेच्छया भगवन्मूर्त्तावेषः चान्यानपि स्वयम् ।**

**आरमयिष्यतेडतोडसाविच्छारामोडस्वितहाडडख्यया ॥**

ધર્મદેવ કહે છે, આ પુત્ર પોતાની ઈચ્છાથી જ ભગવાનની મૂર્તિમાં રમશે, અને બીજાને મૂર્તિમાં રમાડશે. માટે આ પુત્રનું નામ ઈચ્છારામ થશે. તેમજ મન–બુદ્ધિ ભગવાનમાં રાખ્યા પછી જ જીવાત્માને પરમાત્મા સ્વરૂપમાં રાખે છે.

૩. ગીતામાં કહ્યું છે

**१. मय्येव मन आधस्व मयि बुद्धिं निवेशय ।**

**निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ॥ ७४ ॥**

તું મારામાં જ મન ધારણ કરે અને મારામાં બુદ્ધિ પરોવ, એ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પછી તું મારામાં જ રહીશ એમાં સંશય નથી.

**२. भक्तया मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।**
**ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदन्तरम् ॥ ५ ॥**

મારી પરમભક્તિ દ્વારા જે મનુષ્ય હું કેવો છું ને કોણ છું તે યથાર્થ જાણે છે. અને પછી મને એ પ્રમાણે ખરેખરા સ્વરૂપે જાણવાથી મારામાં પ્રવેશ કરે છે.

૪. હસ્તલિખિત વચનામૃતની જૂની પ્રતો માં લખ્યું છે કે,

એકવાર નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું, "તમે મહારાજને અન્વય સ્વરૂપે ભજો છો કે વ્યતિરેક રૂપે ભજો છો?" સ્વામીએ કહ્યું જે, 'હું તો વ્યતિરેક સ્વરૂપે ભજું છું.' નિત્યાનંદ સ્વામીએ કે, હું તો અન્વયરૂપે ભજું છું. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે એ તો આભડછેટ કહેવાય. પછી નિત્યાનંદ સ્વામી એ તેનું વિશ્લેષણ કરી બતાવ્યું કે, મુક્ત ઓતપ્રોત તલ્લીન તાણાવાણાની પેઠે મૂર્તિમાં રહે છે, ત્યારે એક મહારાજ જ દેખાય છે. એથી બ્રહ્માનંદ સ્વામીએ ગાયું જે,

રસબસ હોય રહી રસિયા સંગ,
જ્યું મિસરી પય માંહી ભળી!

**૫. બ્રહ્મસૂત્રભાષ્ય રત્ન પાદ-૪, સૂત્ર-૪માં મુક્તાનંદ સ્વામી લખે છે**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

"अविभागेन दृष्टत्वात्"

**अन्वयः- तत्समानगुणरूपो मुक्तात्मा पार्षदतया निरतिशयानंद परब्रह्मस्वरूपं सेवमानस्तत्सुख-मनुभवति ।**

**क्वचिदतिप्रेम्णा तस्मिन् विलीयते चेत्तर्हि तु परब्रह्मस्वरूप-मविभागेनानुभवति निर्णयः ॥**

અનાદિમુક્ત મૂર્તિમાં લીન થઇને રહે છે તો પણ અવિભાગેન કહેતા પરબ્રહ્મ સાથે ઐકયપણું પામીને પરબ્રહ્મના સ્વરૂપને અનુભવે છે. માટે સ્વામી-સેવક ભાવ રહે છે.

૬.ભાગવતના દશમસ્કંધમાં કહ્યું છે કે,

ભગવાનના સ્વરૂપમાં જ રહે તે મુક્ત અતિ ઉત્તમ સ્થિતિવાળા છે.

**न कामकर्मबीजानां यस्य चेतसि संभवः ।**

**वासुदेवैक निलयः स वै भागवतोत्तमः ॥**

જેના ચિત્તમાં વિષય ભોગની કામનાઓ, અવ્યક્ત રાગ પણ ઉત્પન્ન થતો નથી અને જેને वासुदेव કહેતા વાસુદેવ ભગવાન જ એક છે, "निलयः" નિવાસસ્થાન જેને તે ઉત્તમ ભક્ત છે.

વળી ભાગવતમાં કહ્યું છે,

**तस्माद् युक्तेंद्रियग्रामो युक्तचित्तः इदं जगत् ।**

**आत्मनिक्षस्व वितत-मात्मानं मय्यधीश्वरे ॥**

હે ઉધ્ધવ! ઇન્દ્રિયોને નિયમમાં કર, ચિત્તને નિયમમાં કર, અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

દેહ ને જગત તેને આત્મામાં લીન કર. અને અક્ષરધામરૂપ એવો આત્મા તેને સર્વાધાર એવો હું તે મારે વિષે જો.

એમ મૂર્તિમાં રહેવાના ઘણા પ્રમાણો છે.

હવે અનાદિમુક્તના લક્ષણો વચનામૃતના આધારે જોઈએ.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૯. અનાદિમુક્તના લક્ષણો

## (વચનામૃતના આધારે)

**૧. પ્ર-૧૮:**

હું તો અનાદિમુક્ત જ છું. પણ કોઈને ઉપદેશ કરીને મુક્ત થયો નથી. આમાં શ્રીજીમહારાજે હું અનાદિમુક્ત છું એમ કહ્યું તેથી એમ કહીને અનાદિમુક્તની સ્થિતિ અધિક જણાવી છે.

**૨. પ-૩૨:**

અને નારદ–સનકાદિક જેવા અનાદિમુક્ત છે તે સમાધિમાં ઘણા કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક વિષયને ભોગવે છે. આમાં પણ શ્રીજીમહારાજે અનાદિમુક્ત છે એમ જણાવ્યું છે. ને તે પરમ એકાંતિક મુક્તથી અધિક સ્થિતિવાળા છે.

**૩. પ્ર-૨૧:**

શા માટે જે આ સત્સંગ છે તે તો અલૌકિક છે તે જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક, તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે જેવા જ આ સર્વે સત્સંગી છે. અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય ધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન અને ભગવાનના ભક્તના સમ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આમાં આ સત્સંગી કહ્યા તે ગોપાળાનંદ સ્વામી આદિક પોતાના અનાદિમુક્તને અધિક કહ્યા છે. માટે અનાદિમુક્તની સ્થિતિ પરમ એકાંતિક મુક્તથી અધિક છે.

**૪. મધ્ય-૨૪:**

એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે એ માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પામશે. ને ભગવાનના ચરણાવિંદમાં નિવાસ કરીને રહેશે. આમાં ચરણાવિંદ કહ્યું તે દાસભાવનો શબ્દ છે. પણ મૂર્તિમાં જ નિવાસ કરીને રહે છે એવો શ્રીજીમહારાજનો અભિપ્રાય જણાય છે.

**૫. મધ્ય-૬૬:**

અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે. એમ શ્રીજીમહારાજે કહ્યું એટલે શ્રીજીમહારાજ સાથે એકાત્મપણું પામીને દાસભાવે શ્રીહરિજીના સળંગ સ્વરૂપનો સુખભોક્તા એવો અનાદિમુક્ત કરે છે. કેમ કે ભગવાન જેવો થવા કોઈ સમર્થ થતો નથી. અને અનાદિમુક્ત છે તે પણ શ્રીહરિજીના દાસ છે. પણ પોતા જેવો જ કરે છે એ વાક્યથી અનાદિમુક્તની સ્થિતિ જે પરમ સાધર્મ્યપણું એટલે મૂર્તિ સાથે એકાત્મપણું તેને પમાડે છે એમ જાણવું.

**૬. પ્ર-૫૧:**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રીજીમહારાજ પોતે જ અનાદિમુક્તની સ્થિતિ સમજાવે છે. જે શરીર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે ને તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલય તેના કર્તા છે અને સર્વેના કારણ છે અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે. માટે એ સર્વેના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દ્રષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહીં. એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે.

ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઇ જાય છે. ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે.

પુરુષોત્તમ ભગવાનની દ્રષ્ટિએ કરીને જોઈએ ત્યારે પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસે નહીં એનો અર્થ એમ થાય જે, શ્રીજીમહારાજ કૃપા કરીને જે મુક્તને પોતાની સાથે એકાત્મતા કરાવે છે એ મુક્તના અંગઅંગમાં ક્રિયાના કર્તા શ્રીહરિજી થાય છે. જ્યારે એ મુક્ત શ્રીજીમહારાજના દર્શન કરે છે ત્યારે શ્રીજીમહારાજ મુક્તમાં રહ્યા થકા પોતે જ પોતાને જોવે છે. અને એ મુક્તને પુરુષોત્તમ વિના કોઈને વિષે સારપ કે મહત્તા રહેતી નથી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમ રૂપ થઇ જાય છે. અવરભાવમાં પુરુષોત્તમનો મહિમા ને અનાદિમુક્તની સ્થિતિ તે સંતના સમાગમથી મુમુક્ષુને સમજાય છે ત્યારે તેના ઇન્દ્રિયો, અંતઃકરણ પુરુષોત્તમરૂપ એટલે પુરુષોત્તમના જ્ઞાને કરીને દિવ્ય થઇ જાય છે.

પરભાવમાં મહિમા સમજાય ત્યારે એના ઇન્દ્રિયો, અંતઃ કરણ પુરુષોત્તમ રૂપ થઇ જાય છે એટલે એ મુમુક્ષુનો આત્મા જ પુરુષોત્તમના જેવો સાકાર અનાદિમુક્ત થાય છે ત્યારે તેમણે કરીને ભગવાનનો નિશ્ચય થાય છે એટલે એ અનાદિમુક્ત થયો તે જ અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજને જેવા છે તેવા સાક્ષાત્ અનુભવજ્ઞાને કરીને અનુભવે છે.

**૭.૫-૫૧:**

જેમ હીરે કરીને હીરો વીંધાય છે પણ બીજા વતે નથી વીંધાતો તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે.

આમ ભગવાનનો નિશ્ચય અર્થાત્ પરમ એકાંતિકમુક્ત તથા અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે અને પોતાના મુક્તને પોતા સાથે એકાત્મતા પમાડે છે એટલે મૂર્તિમાં રાખે છે. આવો માહાત્મ્યજ્ઞાને સહિત નિર્વિકલ્પ નિશ્ચય ભગવાન વતે થાય છે. એટલે એવું મહાત્મ્યજ્ઞાન સંત દ્વારે કે શ્રીજીમહારાજ પોતે કૃપા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કરી સમજાવે તે જ સમજી શકે છે. આ નિશ્ચય અવરભાવનો છે.

પરભાવમાં અનાદિમુક્તની સ્થિતિ શ્રીહરિજી પોતે જ જેને પ્રાપ્ત કરાવે તેને જ પ્રાપ્ત થાય છે અર્થાત્ અનાદિમુક્ત થાય છે. શ્રીજીમહારાજ જેને મૂર્તિમાં રાખે છે એ જ મૂર્તિનું સુખ લઇ શકે છે. એટલે અનાદિમુક્ત શ્રીજીમહારાજ સાથે એકાત્મતા પ્રાપ્ત કરીને આ મૂર્તિના દર્શન કરે છે.

૮.સા.૧૧:

પાંચ સાધન સિદ્ધ કરી જે એકાંતિક થાય તેને શ્રીજીમહારાજ દિવ્ય સાકાર કરીને પોતાની મૂર્તિમાં રાખે છે.

પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે. પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. અને શ્રુતિએ કહ્યું છે જે, "|| **निरंजनः परमं साम्यमुपैति** ||" એનો અર્થ જે અંજન એટલે માયાથી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે. ત્યાર પછી લક્ષ્મીજીની માફક તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઇ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભક્ત પણ સ્વતંત્ર થાય છે.

અમારા તુલ્યપણાને પામે છે એનો ભાવ એવો છે જે અમારા જેવો દિવ્ય સાકાર થાય છે. અને નિર્બન્ધ થાય છે. અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

લક્ષ્મીજીની માફક અમારે વિષે ક્યારેક તો લીન થઇ જાય છે એનો એવો ભાવ છે જે, અમારા જેવો દિવ્ય સાકાર કર્યો તેને જ અમારી સાથે એકાત્મયપણું પ્રાપ્ત કરાવીને મૂર્તિમાં રાખીએ છીએ. અને ક્યારેક સેવામાં રહે છે અવરભાવમાં જીવોને મોક્ષને અર્થે અમારી ઈચ્છાથી મનુષ્યરૂપે પ્રગટ થાય છે. અને 'સ્વતંત્ર' થાય છે. એટલે મૂર્તિના સુખનું અને મુક્તનું અપારપણું જાણી શકે એવો થાય છે. અનાદિમુક્તની સ્થિતિ જાણવી.

**૯. મધ્ય-૬૭:**

સ્વામી-સેવક ભાવઃ

હવે આવા અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ વિષે ભેદ તો રહે છે જ. શ્રીજીમહારાજ સ્વામી અને અનાદિમુક્ત એ સેવક.

અમારો ભક્ત અમને જેવો જાણે તેવો થાય છે. તો પણ અમારો મહિમા, સામર્થ્ય અને પ્રતાપ-ઐશ્વર્ય તે અતિશય અપાર દેખાય છે. તેણે કરીને અમારે વિષે સ્વામી-સેવકપણું અતિ દ્રઢ થાય છે. અને વળી અમારા ભક્ત અમારા સરખા થાય છે એમ કહ્યું છે. એ પણ અમારું સાધર્મ્યપણુ પામે છે, કહેતા મૂર્તિમાં રાખે છે એમ જાણવું. હવે સાધર્મ્યપણુ કેવી રીતે સમજવું ? તો સર્વે મુક્તનું સ્વામિત્વપણું, સુખદાતાપણું, નિયંતાપણું તે વિના રૂપ, ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ ઇત્યાદિક ગુણે સરખા તે સાધર્મ્યપણુ જાણવું. આવી રીતે પરમ એકાંતિક

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મુક્ત કરતાં અનાદિમુક્તની સ્થિતિ અધિક શ્રીજીમહારાજે સમજાવી છે. ને પરમ એકાંતિક મુક્તથી સુખ પણ અધિક આવે છે ને દાસભાવ પણ અધિક રહે છે.

**૧૦. મધ્ય-૩૮:**

અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય, ધર્મ ને અમારે વિષે અત્યંત ભક્તિ એ ચાર વાના હોય તે અમારો એકાંતિક ભક્ત છે. અને તે ભક્ત દેહ મૂકે ત્યારે તેનો અમારે વિષે પ્રવેશ થાય છે. અને એકાંતિક ન હોય તેનો બ્રહ્મા અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે.

એ પ્રવેશ જેનો જીવ જે સંગાથે બંધાણો હોય તેને વિષે તેનો પ્રવેશ જાણવો પણ જેમ જળમાં જળ મળે છે ને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ થતો નથી.

**૧૧. છેલ્લા-૩૩:**

વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કોને કહેવાય? તો જેને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહાત્મ્ય યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલા વાના હોય તેને એકાંતિક ભક્ત કહીએ ને એની ગતિ એમ કહી એ છીએ જે એનો વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય છે.

...

જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિષે ચિહ્નરૂપે સ્નેહના અધિકપણે કરીને રહ્યા છે ને બહારથી સ્ત્રીરૂપે કરીને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સેવામાં પણ રહ્યા છે તેમ એ એકાંતિક ભક્તનો વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય છે.

આવો ભક્ત ભગવાનની સેવા વિના ચતુર્ધા મુક્તિને પણ ન ઈચ્છે તો બીજાની શી વાર્તા ?

અહીં વાસુદેવ ભગવાનના મિષે શ્રીજીમહારાજ પોતાની જ વાત કરે છે. જેમ લક્ષ્મીજી શ્રી વાસુદેવ ભગવાનમાં રહ્યા છે અને બહારથી સ્ત્રીરૂપે સેવામાં રહે છે તેમ જ મુક્ત પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે છે ને બહાર પણ સેવામાં રહ્યા છે. અને મનનું અનુસંધાન રહે છે એમ કહ્યું છે તે મન શબ્દ આ લોકની રૂઢિએ વાપર્યો છે. પણ જે મુક્ત થાય તેને મન છે જ નહીં, કારણકે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનો નાશ થાય ત્યારે જ મુક્ત થવાય. એને વિષે દેહ-દેહી ભાવ પણ નથી. મુક્ત પણ શ્રીજીમહારાજની પેઠે દિવ્ય મૂર્તિઓ જ છે.

**૧૨. મધ્ય-૩૮:**

સંતો અ.મુ.અબજીબાપાશ્રીને પૂછે છે કે, શ્રીજીમહારાજનો ભક્ત શ્રીજીમહારાજને વિષે લીન થાય છે એવું આ (મ-૩૮) વચનામૃત વિના બીજા ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

ત્યારે બાપાશ્રીએ કૃપા કરીને ઉત્તર કર્યો કે સા.૧૧, ના ૧/૨ પહેલા પ્રશ્નમાં, અને છે–૩, ૨/૩ બીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજને વિષે લીન થાય છે એમ કહ્યું છે તે જેને સાધનકાળમાં અનાદિમુક્તના યોગે કરીને મૂર્તિમાં લીન રહેવાની સમજણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

હોય તે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે છે અને જેને પરમ એકાંતિકનો યોગ મળ્યો હોય તેને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં રહેવાની સમજણ થઇ હોય તે અક્ષરધામમાં શ્રીજીમહારાજની સન્મુખ રહે છે.

**૧૩.મધ્ય-૩૧:**

..સર્વે કારણના કારણ ને અક્ષરાતીત ને પુરુષોત્તમ..

અહીં શ્રીજીમહારાજ પોતાને કારણના પણ કારણ કહે છે. તો બે કારણ થયા. એક કારણ અનાદિમુક્ત અને તેમના કારણ એ શ્રીજીમહારાજ થયા.

**૧૪.મધ્ય-૨૨:**

... જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહીં. ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં. અને જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ (અનાદિમુક્ત) થયો ત્યારે સાધુ થકી કાંઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય. અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો એ સાધુ (અનાદિમુક્ત)નો પણ પ્રતાપ છે.

અહીં શ્રીજીમહારાજ પોતે કહે છે કે અનાદિમુક્ત થકી કોઈ મોટી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પદવી નથી. જેટલું શ્રીજીમહારાજનું ચાલે એટલું એમના અનાદિમુક્તનું પણ ચાલે એવો તેમનો પ્રતાપ છે.

**૧૫. સા.૧૭:**

જ્યારે ભજનનો કરનારો જીવરૂપે હતો ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતા કરતા આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો અને સામર્થી પણ વૃદ્ધિને પામી અને સુખ પણ વૃદ્ધિને પામ્યું. એવી રીતે ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદિ, મધ્ય ને અંત જે ભેદ કહ્યા તે સર્વે મુક્તના ભેદ છે તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણુ આવતું ગયું.... જેમ માયારૂપી અંતરાયને ટાળીને જેમ જેમ ભગવાનથી ઢૂંકડું થવાય છે તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટપ્પ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દ્રઢ થાતું જાય છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ મુક્તોના જુદા જુદા ભેદને કહે છે. પહેલા મુક્ત ખઘોત જેવા હોય પછી તેમાંથી ધીમે ધીમે મહાતેજ જેવો થાય છે. જેમ જેમ સામર્થી આવતી જાય છે તેમ તેમ શ્રીહરિજીની મોટપ પણ વધુ ને વધુ જણાતી જાય છે અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

દાસપણું પણ અતિ દ્રઢ થતું જાય છે. અ.મુ.અબજીબાપાશ્રી સમજાવતા કહે છે કે મૂળપુરુષોના મુક્તો ખદ્યોત જેવા છે, નરનારાયણના મુક્તો દીવા જેવા છે, મૂળપુરુષને મશાલ, મહાકાળને જવાળા જેવા, શ્વેતદ્વીપના નિરન્ન મુક્તો દાવાનળ, નરનારાયણને વીજળી, વાસુદેવને ચંદ્ર જેવા, મૂળક્ષરના મુક્તને સૂર્ય જેવા, મૂળઅક્ષરને પ્રલયકાળના અગ્નિ જેવા અને ભગવાન સ્વામિનારાયણના મુક્તો મહાતેજને ઠેકાણે કહ્યાં છે. અને તેમનું દાસપણું પણ અતિદ્રઢ હોય છે. એમ સમજવું.

**૧૬.પ્ર-૬૨:**

શ્રીજીમહારાજ બોલ્યા કે, "એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે કે એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે, તે સંતમાં આવે છે. તે નિશ્ચય કેવો હોય તો જે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે ને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને સર્વને કર્તા થકી પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે અને એવી રીતે આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહીં. ગમે તેવા તરહ તરહના શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે, અને ગમે તેવા પોતાનું અંતઃકરણ કુર્તક કરે પણ કોઈ રીતે કરીને ભગવાનના

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સ્વરૂપમાં ડગમગાટ થાય નહીં એવી જાતનો જેને ભગવાનના સ્વરૂપમાં નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય... અને તેમ જેને ભગવાનના સ્વરૂપનો દ્રઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વે પ્રકારે નિર્બન્ધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે ને નિર્બન્ધ થાય છે.

આ વાતમાં શ્રીજીમહારાજ પોતે પહેલા પોતાની સર્વોપરિતાની વાત કરે છે અને કહે છે કે, “આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય...” તેમાં પોતાની વાત કરે છે. વળી અનાદિમુક્તના દિવ્ય ગુણો કઈ રીતે આવે તેમ વાત કરે છે અને કહે છે કે આવા મુક્તો ભગવાન જેવા સર્વ પ્રકારે નિર્બન્ધ થાય છે. અ.મુ. અબજીબાપાશ્રી સમજાવતા કહે છે કે, “નિર્બન્ધ એટલે મૂળઅક્ષરાદિક કોઈના ઐશ્વર્યમાં લેવાય નહીં અને આવરણ રહિત થાય તે નિર્બન્ધ કહેવાય.” અને શ્રીજીમહારાજની પેઠે જે અસંખ્ય જીવનો ઉધ્ધાર સંકલ્પમાત્રમાં કરે તે ચહાય તે કરવા સમર્થ જાણવા. પણ મૂળઅક્ષરાદિકની પેઠે ઉત્પત્યાદિક તથા કર્મફળ આપવું તે કામ નથી કરતા. એ કામને તુચ્છ જાણે છે. આવા મુક્તો શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા જાણવા અને સિદ્ધમુક્ત છે તે શ્રીજીમહારાજ જેવા જ સમર્થ છે.

**૧૭. લોયા-૧૩:**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

... નાડી પ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રી નારાયણના ચરણાવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય.... અને એવી રીતે સ્થિતિ ન થઇ હોય ને દેહમાં વર્તતા હોય તો બીજા જીવને પરાભવ થાય...

......માયાએ કરીને નિર્લેપપણું તે એક નારાયણને જ છે. અથવા તે નારાયણને નિર્વિકલ્પપણે પામ્યો હોય તેને પણ પરાભવ ન થાય. સવિકલ્પપણે જો નારાયણને પામ્યો હોય તો તે ગમે તેવો મોટો હોય તેને પણ પરાભવ થાય.

અહીં શ્રીજીમહારાજ સમજાવે છે કે ભક્ત નિર્વિકલ્પ સ્થિતિએ કરીને નારાયણના ચરણાવિંદને પામ્યો હોય તે માયાથી પર થાય છે. તેનો શ્રીજીમહારાજની માફક માયાથી પરાભવ થતો નથી. આ મુક્તની સ્થિતિ તે અનાદિમુક્તની સ્થિતિ છે. આવા મુકતો શ્રીજીમહારાજમાં નિમગ્ન થકા રહેતા હોય છે.

**૧૮.લોયા-૧૩:**

વળી એ જ વચનામૃતમાં શ્રીજીમહારાજને નિત્યાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે, 'જ્યારે સર્વ મુક્તોને ગુણનો સંબંધ ન હોય ને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય તે વારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે. એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે એવા જે મુક્ત અને નારાયણ તેમને વિષે ભેદ કેમ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સમજવો?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “ જેમ ચંદ્રમા છે ને તારા છે તેમાં ભેદ છે કે નહીં ? પ્રકાશ વળે કરીને સરખા નથી. અને બિંબમાં પણ ઘણો ભેદ છે. વળી જેમ રાજા ને રાજાના ચાકર મનુષ્ય જાતિ એ સરખા હોય પણ રાજાનું સામર્થ્ય ઘણું વધારે કહેવાય તેમ પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે અને અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે. ને કર્તુમ-અકર્તુમ-અન્યથા કર્તુમ છે, તે જો પોતાની ઇચ્છામાં આવે તો અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે ને સૂઝે તો એ સર્વે મુક્ત તેમણે સેવ્યા થકી એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે ને અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકી એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટી મુક્તોને પોતાને ઐશ્વર્ય કરીને ધારવા સમર્થ છે.

અહીં શ્રીજીમહારાજ પોતાને અને પોતાના સાધર્મ્યપણાને પામેલા મુક્ત વચ્ચે સ્વામી સેવકનો ભાવ છે એમ કહે છે. વળી એમ કહે છે કે અમારા તેજને પણ અમારા વિષે લીન કરીને સ્વરાટ થકી રહીએ અને અમારા તેજમાં રહેલા મુક્તોને અમારા ઐશ્વર્ય વડે ધારણ કરીએ અર્થાત્ અમારી મૂર્તિમાં રાખીએ તે અનાદિમુક્તની સ્થિતિની વાત થઇ. વળી તેજરૂપ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ધામને વિષે મુક્તની સેવાને અંગીકાર કરીએ એ પરમ એકાંતિક મુક્તની સ્થિતિ થઇ. અર્થાત્ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ...

૧. સાધર્મ્યપણુ પામેલા મુક્ત અને શ્રીજીમહારાજ વચ્ચે સેવક-સ્વામીનો ભાવ રહે છે.

૨. મુક્તને મૂર્તિમાં લીન કરીને શ્રીજીમહારાજ પોતે એકલા રહે છે. અર્થાત અનાદિમુક્તની સ્થિતિની વાત કરે છે.

૩. સેવા અંગીકાર કરે છે એ પરમ એકાંતિક મુક્તની સ્થિતિની વાત કરે છે.

**૧૯. પ્રથમ-૯:**

અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દ્રઢ નિષ્ઠા રાખે છે ને તેને દર્શન કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઈ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાના ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે...

અહીં શ્રીજીમહારાજની મૂર્તિ એક છે અને બહુ દેખાડે છે એમ કહ્યું તે કઈ જાણવી?

તો અ.મુ.બાપાશ્રી કૃપા કરી સમજાવે છે કે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં તથા મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે શ્રીહરિજીના સરખા જ છે તે માટે મુક્તોને પોતાની મૂર્તિઓ કહી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છે. તે મધ્યના ૬૭માં કહ્યું છે કે અમારા ભક્ત અમારા સરખા થાય છે તેના દર્શન કરાવે છે.

**૨૦.મધ્ય-૧૩:**

અને અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમમાં લીન થાય છે.

પ્રશ્નઃ સર્વ અવતાર અમારે વિષેથી પ્રગટ થાય છે ને પાછા અમારે વિષે લીન થાય છે એમ કહ્યું તે પ્રગટ અને લીન કેવી રીતે થતા હશે?

જ: અ.મુ.બાપાશ્રી કૃપા કરીને સમજાવે છે કે, શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રહ્યા છે તે મુકતો જીવોના મોક્ષ કરવા શ્રીજીમહારાજના સંકલ્પથી અહીં દર્શન આપે છે. અને જીવોના ઉદ્ધાર કરીને અંતર્ધાન થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઇ જાય છે. એવી રીતે મુક્ત પ્રગટ થાય છે. અને લોઢામાં અગ્નિજવાળા દ્વારા આવે છે ને પાછો નીકળી જાય છે તેમ બીજા અવતારોમાં પોતાનું ઐશ્વર્ય મૂકે છે ને પાછું લઇ લે છે એમ પ્રગટ અને લીન સમજવું.

એમ અનાદિમુક્તના લક્ષણો વચનામૃતના આધારે જોયા. હવે શ્રીજીમહારાજના સમકાલીન નંદસંતો દ્વારા અનાદિમુક્તની સ્થિતિ પ્રમાણિત કરતા વચનો જોઈએ.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૦. અનાદિમુક્તની સ્થિતિ અંગે નંદસંતોના વચનો

## અ.મુ.સદ્ ગોપાળાનંદ સ્વામી

**૧. ચાર પ્રકારના મુક્ત છેઃ**

૧. એક ભગવાનના દર્શન કરે અને બીજા મુક્ત છે તેના પણ દર્શન કરે.

૨. બીજા મુક્ત છે તે ભગવાનને મેષોન્મેષ જોઈ રહે અને સન્મુખ બેઠા જે મુક્ત તેને પણ દેખે. પ્રથમ કહ્યા તેના કરતા બીજાને અનંત ગણુ સુખ આવે.

૩. ત્રીજા જે મુક્ત છે તે તો કેવળને કેવળ ભગવાનને જ દેખે પણ બીજા કોઈ મુક્તને ન દેખે પણ પોતાના દેહની સ્મૃતિ રહે. તેને બીજા મુક્ત કરતા કોટી ગણુ ભગવાનનું સુખ આવે.

૪. ચોથા જે અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મુક્ત છે તેને તો ભગવાનની મૂર્તિ વિના કોઈ મુક્તની તથા પોતાના દેહની સ્મૃતિ ન રહે. એને ભગવાનનું સુખ કેવું આવે? તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું પોતાનું સુખ આવે છે તેવું ભગવાનનું સુખ એ મુક્તને આવે છે.

આ ચોથા પ્રકારના મુક્તની વાત સ્વામી અનાદિમુક્તની સ્થિતિને વર્ણવીને કહે છે. (વાર્તા –૭૦)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૨. જીવનમુક્ત, વિદેહી મુક્તને કૈવલ્ય મુક્ત એ સર્વે મુક્તોના ભેદ કહ્યા છે. તે મધ્યે એક કૈવલ્ય મુક્તની સ્થિતિને કહી એ છીએ. જેમ પૃથ્વી જળમાં રહે છે ને બહાર જણાય છે તો પણ જળમાં જ છે તેમ કૈવલ્ય મુક્ત તો સદાય પરમેશ્વરમાં જ વર્તે છે. જેમ શ્રુતિમાં કહ્યું છે જે **अक्षरमस्य शरीरं!**

અહીં સ્વામીશ્રી જીવનમુક્ત એટલે એકાંતિક, વિદેહી મુક્ત એટલે પરમ એકાંતિક, કૈવલ્ય મુક્ત એટલે અનાદિમુક્ત તેમની વાત કરે છે. વિદેહી મુક્ત શ્રીજીમહારાજની સન્મુખ રહ્યા થકી શ્રીજીમહારાજના દર્શનનું સુખ ભોગવે છે. જ્યારે કૈવલ્ય મુક્ત અર્થાત્ અનાદિમુક્ત અને શ્રીજીમહારાજને એકાત્મપણું છે. – (૭૩)

3. જે આધુનિક મુક્ત છે તે અનાદિમુક્ત જેવા થાય છે કે નથી થતા ? જે સત્પુરુષને સંગે કરીને ધર્મ જ્ઞાનાદિક સાધનની અતિશય પક્વતા કરે તે અનાદિમુક્ત જેવો જ થાય છે. – (૭૪)

૪. જીવનમુક્ત, વિદેહી મુક્તને કૈવલ્ય મુક્ત તેમની સ્થિતિને કહે છે. જે જીવનમુક્ત તો વિષ ને વિષે બંધાય જાય ને વિદેહી મુક્ત છે તે પણ અસત્ દેશકાળાદિકે કરીને બંધાય ને કૈવલ્યમુક્ત તો તેણે કરીને પણ બંધાય નહીં .

સ્વામીશ્રીએ કૈવલ્યમુક્તને શ્રીહરિજી સાથે સાધર્મ્યપણું છે જેટલું શ્રીહરિજીને મૂર્તિનું સુખ મળે છે તેટલું જ સુખ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કૈવલ્યમુક્તને મળે છે અને તે માયાથી પર છે. જેમ શ્રીહરિજી પોતે અસત દેશકાળાદિકે ન બંધાય તેમ એવા મુકતો પણ આ અસત્ દેશકાળાદિકે બંધાય નહીં. – (૭૬)

૫. સમાધિવાળાને શ્રીજીમહારાજની મરજી જણાય કે નહીં?

જે શ્રીજીમહારાજની સાથે અતિશય એકતાપણાને પામી જાય છે તેને ક્યારેક જણાય છે ને બીજાને તો ન જ જણાય. – (૭૯)

૬. દાસપણું, પ્રીતિને આત્મનિષ્ઠા જેને પરિપૂર્ણ હોય તે એકાંતિક ભક્ત કહેવાય છે. અને એ ભક્ત ને શ્રીહરિજીમાં લેશમાત્ર અંતરાય રહેતો નથી. ને અતિશય હેતે કરીને એક જેવું થઇ જાય છે. તેથી એ ભક્તને શ્રીજીની મરજી પણ જાણ્યામાં આવે છે. તે માટે તેમની મરજી પ્રમાણે જ વર્તે છે. ને કોઈવાર ન જણાય તો તેને શ્રીહરિજી પોતે જણાવી દે છે. જેમ બે મિત્ર હોય તેમણે કોઈ પ્રકારે અંતરાય રહેતો નથી ને એક બીજા એક થઇ જાય છે તેમ પરમેશ્વરને અને એકાંતિક ભક્તને પણ એક જેવું થઇ જાય છે ને તે પૂર્ણ ભક્ત કહેવાય છે.

અહીં સ્વામીશ્રી પૂર્ણ ભક્ત દ્વારા અનાદિમુક્તની સ્થિતિની વાત કરે છે.-(૮૩)

૭. ભક્તનો ભગવાનમાં પ્રવેશ થાય છે એ મધ્યનું ૩૮મું વચનામૃત જ્યારે વંચાવ્યું ત્યારે સોમલાખાચરે કહ્યું જે, દેહ મૂકીને પ્રવેશ થાતો હશે ? કે દેહ છતે પ્રવેશ થાતો હશે ? ઉત્તર દેહ છતે પણ પ્રવેશ થાય છે કેમ જે જેનો જેને વિષે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અતિશય સ્નેહ હોય તેનો તેને વિષે પ્રવેશ કહેવાય. - (૮૪)

૮. આ પૃથ્વીને વિષે જે પરમ એકાંતિક ભક્ત હોય તેમને બ્રહ્મપુરના મુકતોની પેઠે જ દર્શન આપે છે ને સાથે વાર્તા પણ કરે છે, ને કોઈ ક્રિયા ભક્તને ન આવડે તો તે ભક્તને શીખડાવી દે છે. ને તે કોઈ ભક્તને પણ કોઈક વાત પુછવી હોય તો પૂછી લે છે. એમ તે ભક્તને અતિ સધર્મપણું વર્તે છે. ને જેમ અતિ હેતવાળા બે મિત્ર હોય તેને જેમ વાતનો અંતરાય રહેતો નથી તેમ એ ભક્ત પણ શ્રીજીમહારાજને વિષે અતિશય સ્નેહે કરીને જોડાય જાય છે (અનાદિમુક્તની સ્થિતિ). માટે કોઈ રીતનો અંતરાય રહેતો નથી. આજના મુક્તની સામર્થી તો જુઓ તો સંતદાસજી બદરિકાશ્રમમાં જઈને આવ્યા ને સચ્ચિદાનંદ સ્વામીને બેડી તથા તાળા તથા ભીંત તથા નદી ને ગઢ ને કિલ્લો આદિ કોઈ આવરણ જ થયા નહીં (અનાદિમુક્તોને કોઈ આવરણ રહેતા નથી ) ને રત્ના ભક્તને પણ તાળા ને ભીંત આડ કરી શક્યા નહીં ને વિશ્રામ ભક્ત સુતારના સંકલ્પે કરીને લાખો કીડીઓના જીવ દેવતાના રૂપને ધરીને વિમાનમાં બેસીને દેવલોકને પામ્યા. (અનાદિમુક્તોનું સામર્થ્ય શ્રીહરિજી જેવું હોય છે. એમના દ્વારા શ્રીહરિજી બધું કામ કરતા હોય છે). અવતાર અવતારીના સંકલ્પમાં પણ ન્યૂન-અધિકપણું અતિશય છે. જે અવતારીના મુક્ત તો સંકલ્પ કહેતા માત્રમાં તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર છે તે તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે સિદ્ધ થાય. એવી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનેક પ્રકારની વાર્તા સત્સંગમાં છે. – (૮૫)

૯. અક્ષર તો સર્વે ઠેકાણે છે તેમાં પુરુષોત્તમ ક્યાં રહેતા હશે ?

જે પુરુષોત્તમ ભગવાન પોતાના એકાંતિક ભક્તમાં રહે છે ને તે ભક્ત પણ અનંત છે માટે તેમને મધ્યે જ અતિ ઉત્તમ ભક્ત હોય તેમાં મૂળ સ્વરૂપે રહે છે.

(અર્થાત્ અનાદિમુક્ત અને શ્રીજીમહારાજને સાધર્મ્યપણું છે. અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહે છે. ને તેમની સર્વે ક્રિયા શ્રીજીમહારાજ કરતા હોય છે). -(૮૬)

**૧૦.**જે ભક્તની ઉપાસના પરિપૂર્ણ હોય અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે ભક્ત અક્ષરમાં લીન થાય છે.

(એવી રીતે જો ઉપાસના પરિપૂર્ણ હોય ને ધર્મ પણ સરસ હોય ને શ્રીજીમહારાજનો મહિમા અધિક સમજતો હોય એ ભક્ત શ્રીજીમહારાજમાં લીન થાય છે). -(૮૮)

**૧૧.** સંવત ૧૮૭૭ના ફાગણ વદી-૩ના દિવસે પંચાળામાં શ્રીજીમહારાજે પરમહંસોને પત્તર- તુંબડાં, તિલક, કંઠી, શીખા ને જનોઈ ન રાખવાની આજ્ઞા કરી. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે કે મહારાજ, માથામાં કાન ટોપી નાખીને ચોખંડો રૂમાલ વીંટી દેવો એટલે કોઈની જાત કળાશે નહીં. એમ બધાયે કર્યું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે કોઈની

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જ્ઞાતિ નહીં કળાય. અને જુઓને આ ગોપાળાનંદ સ્વામીએ રૂમાલના છેડા ખોસ્યા નથી પણ એ તો જોગી છે. ને તેમના જેવા પાંચસો પરમહંસોમાં કોઈ નથી ને મહાસમર્થ છે ને સાક્ષાત અમારી મૂર્તિમાં અખંડ રહે છે. ને જેવો અમારો પ્રતાપ છે તેવો જ તેમનો પ્રતાપ છે. ..(આ અનાદિમુક્તની સ્થિતિ થઇ)

**૧૨.** સર્વે સમાન છે એમ કહે છે તેની વિગત જે એમ ચિંતામણી આગળ પારસમણી આદિક સર્વે સમાન છે. ને પારસમણી આગળ હીરા, ઝવેરાત, મોતી આદિક સર્વે સમાન છે તેમ પુરુષોત્તમ ભગવાન આગળ સર્વે અક્ષરાદિક સમાન છે. ને અક્ષર ને તેમાં રહ્યા જે મુકતો (અર્થાત અક્ષરમાં લીન થયેલા મુક્ત મૂળઅક્ષરના અનાદિમુક્તો ) તેની આગળ મૂળ પુરુષાદિક ને તેની આગળ પ્રધાન પુરુષાદિક ને તેની આગળ વૈરાજ પુરુષાદિક ને તેની આગળ બ્રહ્માદિક એમ એક ને આગળ બીજા સર્વે સમાન છે.

જેમ શ્રીજીમહારાજના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ ભક્તો જે અનાદિ, પરમ એકાંતિક અને એકાંતિક એમ કહેવાય છે તેમ અક્ષર કોટી, બ્રહ્મ કોટી, મૂળ પુરુષ કોટી ઇત્યાદિ ને ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ મુકતો હોય છે. અહીં અક્ષરમાં રહેલા અર્થાત્ લીન થયેલા અક્ષરના ઉત્તમ ભક્ત અર્થાત્ અક્ષરના અનાદિમુક્તની સ્વામી વાત કરે છે. -(૩૭)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૧૩. **न काम्य कर्मवीजानां यस्यं चेतसि संभवः ।**

**वासुदैवेकनि भवः स वै भा गवतो त्तमः ॥**

અર્થાત જેના ચિત્તમાં વિષય ભોગની વાસનાઓ ઉત્પન્ન થતી નથી તથા જે એક ભગવાનના સ્વરૂપમાં જ નિમગ્ન રહેતા હોય તે પરમ ભાગવત સંત છે.

એવા શુદ્ધ ભક્તને વિષે શ્રીજીમહારાજ નિવાસ કરીને રહે છે.-(૧૬૦)

**૧૪.** જે મુક્ત સ્મરણે કરીને તથા ધર્માદિક સાધનની પકવતાએ કરીને ભગવાનના સાર્ધમ્યપણાને પામ્યા છે તે તો નિર્ગુણ છે. અને છેલ્લા પ્રકરણના ૩૫માં વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે છો લક્ષણેયુક્ત જે ભક્ત છે તેને પૂજવે કરીને પરમેશ્વર પૂજાય છે ને તેનો દ્રોહ કરે તો શ્રીહરિનો દ્રોહ થાય છે. -(૧૭૧)

**૧૫.** કામાદિક દોષ છે તે ભગવાન સાથે અંતરાય રાખે છે તેમ જ એ દોષ ન હોય તો પણ જો એને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા એવા જે એકાંતિક ભક્ત તેનો સમાગમ ન હોય તો ભગવાન સાથે અંતરાય રહી જાય કેમ કે, જે એકાંતિક ન હોય તેને ભગવાનની મરજી પ્રમાણે વર્તવાની રીત યથાર્થ આવડતી ન હોય. ત્યારે એના સંગના કરવાવાળાને એ રીત ક્યાંથી શીખવે? માટે એને ભગવાન સાથે અંતરાય રહી જાય છે. માટે જેને અંતરાય ન રાખવો હોય તેણે એકાંતિક ભક્ત

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સાથે હેત અને સંગ રાખવો. અર્થાત્ જેમ દીવે દીવો પ્રકટે તેમ મોટા અનાદિમુક્ત દ્વારા અનાદિ થવાય. માટે જે મુમુક્ષુ હોય એને તે આશા અને ઉપાસનામાં પરિપક્વ હોય તેને પણ અનાદિમુક્તનો સંગ સેવા કરવી તો તેમની કૃપાથી અનાદિમુક્ત થવાય. તે સિવાય થવાય નહીં. -(૧૪૨)

**૧૬.** સકામ સાધુ હોય તેને ઇન્દ્ર, બ્રહ્માદિક દેવ જેવો ભગવદ્ ભક્ત જાણવો અને નિષ્કામ સાધુ હોય તેને નારદ-સનકાદિક, શુકદેવને જડભરતાદીક જેવો સાધુ જાણવો. અર્થાત્ અનાદિમુક્ત નિષ્કામભાવે શ્રીજીમહારાજની ભક્તિ કરતા હોય છે.

**૧૭.** શ્રીહરિની મૂર્તિમાં લીન થઈને સુખ ભોગવવું એ અદ્ભૂત અનુપમેય સુખ ભોગવવાની ઉત્તમોત્તમ સ્થિતિ છે. પરમ એકાંતિક મુક્તોને પણ શ્રીહરિનું પરમસુખ છે. છતાં મુક્તોને સુખ ભોગવવાની ઉત્તમોત્તમ સ્થિતિ તો શ્રીહરિની મૂર્તિમાં લીન રહી ને સુખ ભોગવવાની જ છે.

[ સદ્ ગોપાળાનંદ સ્વામીની વાતો. સંવંત ૨૦૩૧ ની પ્રત પાન ૫૬]

## અ.મુ.સદ્ ગુણાતીતાનંદ સ્વામી

હવે પછી આપણે સદ્દગુરુ અ.મુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાંથી અનાદિમુક્તની સ્થિતિની સમજણ લઈશું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**૧.** જો તમે દેહ વિસારો તો હું મહારાજની મૂર્તિ વિસારું. કેમ જેમ માછલું છે તે જળમાં હાલે ચાલે ને ક્રિયા કરે છે તેમ અમે બોલીએ ચાલીએ ને ક્રિયા કરીએ તો પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહીં.

અહીં સદ્ અ.મુ.ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે એમને અને શ્રીજીમહારાજને એકતા છે. જેમ માછલું જળમાં રહીને ક્રિયા કરે છે તેમ તેઓ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રહીને ક્રિયા કરે છે. અર્થાત્ તેઓ શ્રીજીમહારાજ સાથે રસબસ થઇ ગયા છે અને સર્વે ક્રિયા મહારાજ જ કરે છે. આ અનાદિમુક્તની સ્થિતિની વાત છે.

**૨.** પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો. પછી તો સાધુ તો ભગવાનમાં રહેતા હોય, તે ભગવાનના ગુણ સાધુમાં આવે ને તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે.

અહીં સ્વામી મોટા એકાંતિક સાધુ ભગવાનમાં રહેતા હોય એમ કહે છે. એ અનાદિમુક્તની સ્થિતિ છે.

**3.** જેવા મહારાજ છે અને જેવા આ સાધુ છે તેવા જો જણાય તો તેને સમજવાનું ને કરવાનું કાંઈ રહે જ નહીં.

અહીં સ્વામીનું કહેવાનું એમ છે જે, મોટા સાધુ શ્રીજીમહારાજ સ્વરૂપ જ છે.

**૪.** આ બધોય સત્સંગ તો શ્રીજીમહારાજનું શરીર છે. પણ જે મોટા એકાંતિક સાધુ છે તે દ્વારા તો મહારાજ અખંડ રહ્યા છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તેથી જ તે સંતને વળગે છે તેને મહારાજનું સુખ આવે છે.

૫. માટે સર્વોપરી, સદા દિવ્ય સાકાર મૂર્તિ, સર્વે અવતારના અવતારી, સર્વેના નિયંતા અને સર્વના કારણ તો એક સ્વામિનારાયણ ભગવાન જ છે. એટલે જીવકોટિ, ઈશ્વરકોટી, અવતારકોટી, પ્રધાનકોટી, મૂળપુરુષ તેમજ મુક્તો અને અનાદિ અક્ષરબ્રહ્મ (=અનાદિમુક્તો) એ સર્વેના સ્વામી ને સર્વેને ઉપાસ્ય મૂર્તિ તો એક ભગવાન સ્વામિનારાયણ જ છે. પણ તે સિવાય બીજો કોઈ નથી એમ સર્વે એ જાણવું.

[અક્ષરબ્રહ્મશ્રી ગુણાતીતાનંદ સ્વામી ભા-૨, પાન-૯૯]

૬. જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે તો નિરંતર અભાગિયા.

૭. અને જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે દેખવા કરતા પણ અધિક છે માટે બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એ જ્ઞાનની સ્થિતિ છે.

૮. દુર્લભમાં દુર્લભ સત્સંગ અને દુર્લભમાં દુર્લભ એકાંતિકપણુ અને દુર્લભમાં દુર્લભ ભગવાન, એ ત્રણ વાત આપણને મળી છે. ગમે તેવું તપ કરો તેના કરતા આ વાતું સાંભળવી તે અધિક છે. અને આ વાતું તો પુરુષોત્તમના વચન છે. (અર્થાત્ શ્રીજીમહારાજ જ સ્વામીમાં રહીને વાતો કરે છે).

૯. આ ભગવાન જેવા સાધુ છે. પણ તેની પાસે રહેવાતું નથી એ મોટી ખોટ છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**૧૦.** ભગવાનનનું કામ સાધુ વતે થાય. પછી એ સાધુ ભેળા જ ભગવાનના દર્શન થાય છે. એવા મળે પછી શું બાકી રહ્યું?

**૧૧.** આવા સાધુના દર્શન કરીને ભગવાનના દર્શનનું ફળ થાય છે. ને તેની સેવા કર્યે ભગવાનની સેવા કર્યાનું થાય છે. અને આપણને તેવા સાથે હેતુ થયું છે. માટે આપણા પુણ્યનો પાર ન કહેવાય.

**૧૨.** સદ્ મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં પણ છે કે, સાધુ ભેળા ભગવાન માટે તો એમ કરવું.

**૧૩.** આપણે તો શ્રીજીમહારાજ ક્યાં પરોક્ષ છે? આપણે તો મૂર્તિ દ્વારા ને સંત દ્વારા પ્રત્યક્ષ છે. તે દર્શન દે છે. વાતો કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહીં .

[અહીં શ્રીજીમહારાજ અને મોટા સંતની એકતા કહી છે. મોટા સંત દ્વારા શ્રીજીમહારાજ પોતે જ કાર્ય કરતા રહે છે]

**૧૪.** એવા સાધુ મળ્યા ત્યારે શી વાતની કમી રહી? તે ઉપર સેવૈયો બોલ્યા જે,

સાચે સંત મિલે કમી કહું રહી, સાચી સીખવે રામકી રીતકુંજી,
પરાપર સોઈ પરબ્રહ્મ હે, તા મેં ઠેરાવે જીવ કે ચિત્તકુંજી,
દ્રઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે જ્ઞાન હરિગુન ગીતકુંજી,
બ્રહ્માનંદ કહે દાતા રામહુ કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકુંજી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ભગવાન એવા સાધુમાં રહીને પોતે દર્શન દે છે, વાતું કરે છે, મળે છે, ને દ્રષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે. એવી રીતે વાતું કરીને સુખિયા કરી નાખ્યા. –(પ્ર-૩, વાત-૫૩)

**૧૫.** ગામ પીઠવાજાળમાં વાત કરી કે, કોઈ કહેશે કે અક્ષરધામ કેવું હશે? તો આપણે તો ભગવાન દીઠા છે, અક્ષરધામમાં રહેનારા દીઠા છે, ભગવાનની હજૂરના ને ભગવાનની પાસે રહેનારા દીઠા છે, ને કાનમાં વાતું કરી છે, હવે તો તેજ દેખાતું નથી એટલું જ બાકી છે. માટે આ સાધુ છે તેમાં જ ભગવાન રહ્યા છે માટે વિશ્વાસ રાખજો. -(પ્ર-૪, વાત-૬૬)

**૧૬.** સંગ ત્રણ પ્રકારનો છે. તેમાં વિષયનો સંકલ્પ ન હોય તે ઉત્તમ, ને વાસના દબાવીને આજ્ઞામાં વર્તે તે મધ્યમને આજ્ઞા લોપે તે અધમ, ને કૃપાનંદ સ્વામી જેવા તો ભગવાનના સાધર્મ્યપણાને પામેલા, તેથી તેને ભગવાન કહેવાય, પણ એ વાત બીજાને કહેવાય નહીં. શાથી જે કોઈ માને નહીં. ને આ તો વગડો છે તેથી કહેવાય. (પ્ર-૪, વાત-૭૬)

**૧૭.** સ્વામીશ્રીએ કૃપા કરીને (પ્ર-૪, વાત-૧૩૯માં) મોટા સાધુનો મહિમા કહ્યો છે તેમાંથી થોડું નીચે લખ્યું છે.

૧. મોટા છે, ભગવાન ને મળેલા છે, ભગવાન એને વશ છે. ભગવાન એ કહે તેમ કરે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૨. મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજે ભગવાન પુજાઈ રહ્યા.

૩. વળી વિદેહી જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે. ને ભગવાનના સાધર્મ્યણાને પમાડે છે. એવા મોટા છે.

૪. આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાય, એ અન્નદાતા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે. એનું કર્યું થાય છે.

૫. એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, ભગવાન એના ભેળા રહ્યા છે.

૬. કર્તા થકી અકર્તા છે.

આમ સ્વામી મોટા સંતના લક્ષણોને કહે છે. આ સર્વોત્તમ અનાદિમુક્તની વાત છે. એથી જ અ.મુ. સદ્ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે,

“મીઠા વહાલા કેમ વિસરું, મારું તનથી બાંધેલ તનહો ” એમ સ્વામી એ ઘણી બધી જગ્યાએ અનાદિમુક્તની સ્થિતિને વર્ણવી છે.

હવે આપણે શિક્ષાપત્રીમાં અનાદિમુક્તની સ્થિતિ વિષે જોઈશું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૧. શિક્ષાપત્રી અને કીર્તનો

**૧.શ્લોક ૧:**

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન ધરું છું તે શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી (=પરમ એકાંતિક મુક્ત) રહ્યા છે અને જેના વૃક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી (=અનાદિમુક્ત) રહ્યા છે અને વૃંદાવનને વિષે (=અક્ષરધામ ને વિષે) વિહાર કરનારા છે.

**૨.શ્લોક૧૧૧:**

અને જે રાધિકાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે. અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે. (અનાદિમુક્તની સ્થિતિ) ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવું.

આમ શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે સ્વમુખે અનાદિમુક્તની સ્થિતિ સમજાવી છે.

હવે આ જ પ્રકરણમાં આપણે નંદ સંતોના કીર્તન દ્વારા 'અનાદિમુક્તની સ્થિતિ' સમજવાની કોશિશ કરીશું.

**અ.મુ. આધારાનંદ સ્વામીનો ગ્રંથ**

૧. જેને માયાથી પરની સ્થિતિ થઇ ગઈ હોય તે તો શુદ્ધ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

બ્રહ્મભાવને પામ્યા કહેવાય અને શ્રીકૃષ્ણ ભગવાનના પરમ એકાંતિક ભક્ત કહેવાય. (અહીં પરમ એકાંતિક મુક્તની વાત કરે છે). - (ભાગ-૧, પા ન-૨૦૦)

**૨.** ઈશ્વર અક્ષરમાં રહે છે અને અક્ષર ઈશ્વરમાં રહે છે તે અન્યોન્ય ક્યારેય જુદા પડતા નથી. સદા અખંડના અખંડ જ રહે છે. (= અનાદિમુક્તની સ્થિતિની વાત) – (ભાગ-૧, પા ન-૧૯૩)

## અ.મુ. સદ્ બ્રહ્માનંદ સ્વામી

**૧.** “ સંત કો અંગ’ સ્વામી સંત કો અંગ કીર્તનમાં સાચા સંતનું વર્ણન કરતા કહે છે જે:

રસબસ રહે ઘનશ્યામ મેં, સબ જાનતા રહસ્ય સિદ્ધાં તકી જી
બ્રહ્માનંદ કહે વાર હજાર મેં, તો બલિહારી જાઉં એસે સંતકી જી

ઇન્દ્રયાંકું લગાય સ્વરૂપ હું મેં, કિયે કેદ હું મેં મન પ્રાન હે જી
હરિસાથ રહે લયલીન, સદા કરી પ્રીત પ્રગટ પ્રમાન હે જી
લયલીન સ્વરૂપ મેં લક્ષ રહે, તાકું પક્ષ નરી નિજ પારકી જી.

આવા સંતો જે શ્રીજીમહારાજના સિદ્ધાંતને સમજતા હોય છે, તેઓ શ્રીહરિજીમાં રસબસ થઈને રહેતા હોય છે. પોતાના ઇન્દ્રિયો, મન, પ્રાણને શ્રીહરિના સ્વરૂપમાં લગાવીને શ્રીહરિમાં લીન થઇ જાય છે. તેમને મારું, તારું એવું કાંઈ રહેતું નથી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એક શ્રીજીમહારાજનું સ્વરૂપ જ રહે છે.

**૨.** રસબસ હો ઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહી ભરી –[પદ-૪૫૧-૪]

જેમ સાકાર દૂધમાં ભળી જાય છે તેમ અનાદિમુક્ત શ્રીહરિજીમાં રસબસ થઈને એક થઇ જાય છે [તો પણ સ્વામી-સેવક ભાવ તો રહે છે જ.]

**3.** મેં પ્રીતમ કે માંહય, પિયા મોયભીત રે,

અરસપરસ એકતા રે , રહ્યા હે સ્વતંત્ર રે. -[પ૬-૨૨૬૧-૫]

અનાદિમુક્ત અતિ હેતે કરીને શ્રીહરિજીમાં લીન થઇ જાય છે ને અરસપરસ એક થઇ જાય છે.

**૪.** જોગી વાકુ જાનીએ, જાકા હરિસે જોગ.

રહે નિરંતર રામ મે, અંતર સદા અરોગ. -[પ૬-૨૪૮૦–૧]

એવાને જોગી જાનીએ જેને શ્રીહરિજીનો કાયમ જોગ હોય અને નિરંતર શ્રીહરિજીમાં રહેતા હોય.

## અ.મુ. સદ્ મુક્તાનંદ સ્વામી

**૧.** સુનત બંસી મેરી, સુધ વિસરી, કહાં જાનું, કહાં કીત,

સુને કોન સબ  શીખ જક્ત કી , હું ભઈ હરિ મેં લીન. -[પદ-૯૨૭–૨]

**૨.** પ્રીત કરત મેરો પલટ્યો હે અંગ, તનમન અર્પી મીલે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મનમોહનકું,

હો ગઈ એક હી અંગ,

મુક્તાનંદ મહદ્દ યહ આશ્ચર્ય, બીનહિ અંગ ન ઉમંગ. -[૫૬-૯૨૪-૪]

૩. સ્વામિનારાયણ દિવ્યમૂર્તિ સંતન કો વિશ્રામ.

શ્રીજીમહારાજ દિવ્યમૂર્તિ છે અને મુક્તને મૂર્તિમાં વિશ્રામ કરાવીને સુખ આપે છે.

## અ.મુ. સદ્ નિષ્કુળાનંદ સ્વામી

૧. સ્વામી, " મુને મળિયા પુરુષોત્તમ રાય, રોક્યો કેનો નહીં રહું" માં આગળ લખે છે,

ધામ સ્વરૂપ પોતાતણું, શ્રીહરિ પોતે સાકાર, પ્રભુપદપ્રીત ઉપાસના, પય મિસરી એકતાર,

ક્યાં મુક્ત ક્યાં શ્રીહરિ, કીડી કુંજર મેળાપ, નિષ્કુળાનંદ ચેતી ગયા, મટે ભવના તાપ."

૨. સહજાનંદ સિંધુ રે, આજ માટે ઉલટયાં રે,

ભાંગી મારી ભવો ભવની રે ભૂખ,

...આનંદની લેર્યું રે, એમાં અતિ ઘણી રે, મરજીવા કરે છે માંહી મોજ.

શ્રીજીમહારાજની મૂર્તિમાં આનંદ ને આનંદ જ છે. તેમાં

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિમુક્તો અતિશય સુખ ભોગવે છે. પદ-૪

ભાજન ભરીએ જેમ કોઈ જળનું રે, રાખીએ રત્નાકરની માંય,

ભીતર બાહિરે રે, જળ ભાળીએ રે, ભાજન ભાંગે તોય રહ્યું ત્યાંય,

આવે ન જાય રે, અખંડ એ આત્મા રે, નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે,

ઉપરી તે સાગર માંય સમાય...

જેમ વાસણમાં પાણી ભરીને સમુદ્રમાં રાખીએ તો એ પાણી અંદરને બહાર રહે છે, તેમ અનાદિમુક્ત શ્રીજીમહારાજના એકરસ થઈને રહે છે. પછી તેને આવવા-જવાનું રહેતું નથી. જેમ વાસણનું પાણી અને સમુદ્રનું પાણીમાં ફેર નથી પણ જુદાપણું સૂક્ષ્મ રીતે તો છે જ, તેમ અનાદિમુક્તને શ્રીજીમહારાજ સાથે એકતા હોવા છતાં સ્વામી સેવકભાવ તો રહે જ છે.

3. અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં દિવ્ય સાકાર રૂપે સળંગ રહ્યા થકા મૂર્તિના રોમરોમના નવીન નવીન સુખ ભોગવે છે તેવા મુક્તની સ્થિતિને નિષ્કુળાનંદ સ્વામી સમજાવતા કહે છે,

“ કોટી મુક્ત સેવા કરે, રોમરોમ રસ રૂપ,

અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ,

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જે હરિ અક્ષરધામ માંહી રાજે, સર્વોપરી છે સદા
તે નર વિગ્રહધારી નાથ થઈને, સુખિયા કરે સર્વદા,
એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુક્તો અનાદિ ઘણા.
પયમીસરીવત પ્રેમપૂર્ણ રાચે, એ સુખમય મહીંના મણા,
એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળવા,
તેણે રૂપ અનુપ આજ ધરિયું, સહેજે ના જાય કળ્યા,
એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહી એ, સંકલ્પ સુખકંદના,
જેણે જીવ અનેક આજ તાર્યાં, તેને કરું વંદના.

**સંત સાથે એકતા દર્શાવતા કીર્તનોઃ**

૧. સંત તે મારી મૂરતિ રે, તેમાં ફેર નહીં એક રતિ રે,
(જળતરંગવત એકતા સ્વામી સેવક ભાવ સહિત!!)
૨. સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે ભેળો હું ભમું રે,
૩. એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ

આ સર્વેમાં શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત વિષે એકતાની વાત કરી છે. જેમ લક્ષ્મીજી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સ્નેહે કરીને લીન થઇ રહે છે તેમ તે મુક્ત પણ સ્નેહે કરીને શ્રીહરિજીમાં લીન થાય છે.

**ઘનશ્યામ લીલામૃત સાગર**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આ ગ્રંથમાં **અ.મુ.ભુમાનંદ સ્વામી** ઉત્તરાર્ધમાં તરંગ-૬૧માં અ.મુ. પર્વતભાઈ અને શ્રીજીમહારાજના સંવાદરૂપે રહે છે,

"મુને નથી બીજું કાંઈ ભાન, નિત્ય ધરું છું તમારું ધ્યાન,

મૂર્તિમાં રહું છું દિન-રાત, કૃપાનાથ કહું સાચી વાત – (૧૮)

એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ

પોતાના જે છે અનાદિમુક્ત, તેની સ્થિતિ જાણવાની જુક્ત (19)

પર્વતભાઈને કહે વચન, શાંત કરાવ્યા સર્વના મન,

પછી બોલ્યા શ્રીજીમહારાજ, અમારા અનાદિમુક્ત આજ – (૨૦)

અનંતકોટી બ્રહ્માંડના પ્રાણી, સર્વના કરવા કલ્યાણ જાણી

અહીં આવીને પ્રકટ થાય, આમ છે અપવર્ગ સદાય – (૨૧)

-

૨. પછી આગળ આજ તરંગ (૬૧) માં શ્રીજીમહારાજ જેતલપુરના મહોલ ઉપર વિરાજમાન હતા. પછી શ્રીહરિજીની કૃપાદ્રષ્ટિથી સભાજનોને આ પ્રમાણે દિવ્યદર્શન થયા. તેનું વર્ણન કરતા સ્વામીશ્રી કહે છે,

કોટી કોટી મુક્તના સમાજ, વિંટાઇ બેઠા છે સુખ-સાજ,

પ્રભુ સામું જોઈ રહ્યા સર્વ, એક ચિત્તે પ્રીતેથી અપૂર્વ,

મહાપ્રભુની મૂર્તિ મોઝાર, બીજા મુક્ત જોય અપાર!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

3. વળી કળભાના ઝવેરભાઈને દિવ્યદર્શન આપીને શ્રીજીમહારાજ આજ વાત સમજાવે છે. જેનો ઉલ્લેખ તરંગ-૮૪માં કરેલો છે.

નિજધામમાં પોતાનું રૂપ, બતાવ્યું છે પ્રત્યક્ષ અનુપ,

તે મૂર્તિમાં કોટી કોટી મુક્ત, અનંત ઐશ્વર્ય શક્તિયુક્ત!

આમ અ.મુ. ભુમાનંદ સ્વામીએ અનાદિમુક્તનું વર્ણન કર્યું છે.

## હરિલીલામૃત કળશ-૩ વિશ્રામ-૧૫

અંતે જીવો બ્રહ્મ વિષે સમાય, તે વાત સાચી, શ્રુતિ એમ ગાય,

જળે સમાયા જળજંતુ જેમ, તે બ્રહ્મમાં લીન થાશે જ તેમ – (૩૬)

જો નીરમાં ક્ષીર જણાવ્યું જણાય, તથાપી તે એક કદી ના થાય,

આત્મા તથા જે પરમાત્મા છેય, મળ્યા દિસે તો પણ ભિન્ન બેય. – (૩૭)

આમ હરિલીલામૃતમાં પણ અનાદિમુક્તની સ્થિતિનું વર્ણન છે. અને વળી અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ વચ્ચે એકપણું છે છતાં સ્વામીસેવક ભાવ છે, જુદાપણું પણ છે એમ સમજાવ્યું છે.

હવે આપણે અનાદિમુક્તોની ક્રિયાના દાખલાઓ જોઈશું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૨. પ્રસંગો દ્વારા અનાદિમુક્તની સ્થિતિ

અનાદિમુક્તોને શ્રીજીમહારાજ સાથે એકતા હોય છે. તેઓ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થકી રહે છે. અને તેમની સર્વે ક્રિયા શ્રીજીમહારાજ પોતે જ કરતા હોય છે. તેના કેટલાક સંપ્રદાયમાંથી દાખલા જોઈએ.

૧. એક વખત શ્રીજીમહારાજ વડતાલમાં ગોમતી કાંઠે સવારના પહોરમાં સભા કરીને વિરાજમાન હતા. ત્યારે તેમના દર્શને ખંભાતના હરિભક્તો આવ્યા અને ત્યાંની સુતરફેણી લાવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, ‘જો ગોરધનભાઈ જમાડે તો જમીયે.’ તો એક પાર્ષદ ગોરધનભાઈને બોલાવા જાય છે ત્યારે ગોરધનભાઈ ગોમતીને કાંઠે દાતણ કરતા હતા. હજુ પૂજાપાઠ પણ બાકી હતા. મહારાજે બોલાવ્યા એટલે તેઓ દાતણ મૂકી, મોઢું ધોઈને મહારાજ પાસે આવ્યા. દંડવત્ કરીને કહ્યું, ‘હે મહારાજ ! આપની શું આજ્ઞા છે ?’ તો શ્રીજીમહારાજ કહે, “ગોરધન! જો તું સુતરફેણી મને જમાડે તો મારે જમવી છે.' ગોરધનભાઈ કહે,“મહારાજ, જેવી આપની આજ્ઞા. અને ગોરધનભાઈ પોતે માટલી લઈને જમવા લાગ્યા. થોડી થોડી વારે મહારાજને પૂછે, કે મહારાજ હજુ વધારે જમશો, ત્યારે મહારાજ કહે જમાડો હજુ. તેમ કરતા એક માટલી પુરી થઇ ને પછી બીજી માટલી લીધી. બીજી માટલી એમ કરતા અડધી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પુરી થઇ ત્યારે મહારાજ કહે, હવે રાખો. અને થોડી તમે પણ જમો.'' ત્યારે ગોરધનભાઈ કહે, હે મહારાજ ! મારાથી તો શે જમાય ? મારે તો હજુ દાતણ બાકી છે. નાહવાનું અને પૂજા પાઠ પણ બાકી છે, માટે એ બધું પતાવીને પછી હું જમીશ. પછી ગોરધનભાઈએ દૈનિક ક્રિયા પતાવીને પછી પોતે જેટલું જમતા એટલું રસોડેથી જમ્યા અને રસ્તા માટે બે લાડવા પણ પોતે લીધા. પણ જ્યારે શ્રીજીમહારાજ બ્રહ્મચારીને રસોડે જમવા આવ્યા ત્યારે, મહારાજ કહે કે આજે તો ગોરધનભાઈ એ બહુ સુતરફેણી જમાડી છે. અને હવે તો નહીં જમાય.

હવે અહીં તો ગોરધનનભાઈએ પોતે સુતરફેણી ખાધી હતી પણ મહારાજને તે પહોંચી ગઈ અને ગોરધનભાઈ તો ભૂખ્યાના ભૂખ્યા જ રહ્યા. ગોરધનભાઈ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત હતા. તેમના દ્વારા શ્રીજીમહારાજે પોતે જ સુતરફેણી ખાધી હતી. આ અનાદિમુક્ત સાથેની શ્રીજીમહારાજની એકતા બતાવે છે.

૨. અ.મુ.પર્વતભાઈ પોતે કાયમ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેતા હતા. એક વખત અ.મુ.પર્વતભાઈ હરિભક્તો સાથે ગઢડે શ્રીજીમહારાજના દર્શન કરવા જતા હતા. મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલતા હોવાથી તેઓ થોડા પાછળ રહી ગયા. એટલે તેઓ સિદ્ધ મુક્ત હતા એટલે ઉડયા અને આકાશમાર્ગે ગઢડે પહોંચ્યા. અન્ય હરિભક્તો પણ ગઢડે પહોંચ્યા.ત્યારે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રીજીમહારાજે પોતાના શરીર પર ઉઝરડા બતાવ્યા અને કહ્યું, “તમે પર્વતભાઈનું ધ્યાન ન રાખ્યું અને તેઓ ઉડયા ત્યારે તેમને ઝાંખરા વાગ્યા તેના ઉઝરડા અમને પડી ગયા.” આ સ્થિતિ જે શ્રીજીમહારાજ સાથે રસબસ રહેવાની એ અનાદિમુક્તની સ્થિતિ થઇ.

3. એક વખત ગઢપુરમાં જીવાખાચરે હરિભક્તો અને સંતો માટે રસોઈ આપવાનું નક્કી કર્યું. ત્યારે લગભગ ૧000 માણસ માટે રસોઈ બનાવી. લાડવા બનાવીને એક ઓરડામાં બંધ કરી મૂક્યા. ત્યારે દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ભાગવતની કથા-વાર્તા કરાવતા હતા. તેમાં દ્રષ્ટાંત આવ્યું કે દુર્વાસા સો ગોપીઓના થાળ જમી ગયા. એમાં જીવાખાચરે શંકા કરે છે કે, “હે મહારાજ ! એકલો માણસ સો માણસનું ભોજન કેમ જમી જાય?” ત્યારે શ્રીજીમહારાજ કહે છે, “વખત આવશે ત્યારે બતાવીશું.” ત્યારે અ.મુ.સચ્ચિદાનંદ સ્વામી શ્રીજીમહારાજના દર્શને આવ્યા. તેઓ વાડીમાં કામ કરતા ભૂખ્યા થયા હોવાથી શ્રીજીમહારાજ તેમને જીવાખાચરના દરબારમાં ભોજન કરવા મોકલ્યા. ત્યાં જઈને જીવાખાચર તેમને ઓરડાના તાળાની ચાવી આપી કહે છે, “તમારે જેટલું જમવું હોય તેટલું જમી લેજો અને પછી ઓરડો વાસીને ચાવી મને આપી જજો.” સ્વામીએ જમવાનું શરૂ કર્યું અને બધું જ જમી ગયા. એક હજાર માણસની રસોઈ એકલા જમી ગયા. અર્થાત્ તેમના દ્વારા અનેક લોકના મુક્તો જમી ગયા. પછી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જ્યારે જમીને ઉભા થયા ત્યારે જીવાખાચર ચાવી માંગે છે તો સ્વામી કહે છે, “તાળા મારવા જેવું રાખ્યું નથી. “ત્યારે બધાને બહુ આશ્ચર્ય થાય છે અને કહે છે આ તો દુર્વાસના પણ મોટાભાઈ લાગે છે.

પછી શ્રીજીમહારાજ સમજાવતા કહે છે કે આ તો અનેક લોકના મુક્તોને અમારી પ્રસાદીની જરૂર હતી. એ બધા મુક્તો આ સચ્ચિદાનંદ સ્વામીના દ્વારા જમી ગયા.

આ પણ એક અનાદિમુક્તોને શ્રીજીમહારાજ સાથે એકતાનું દ્રષ્ટાંત છે.

૪. વળી એક વખત અ.મુ. સચ્ચિદાનંદ સ્વામીને રાત્રીને વખતે બહુ તરસ લાગેલી. ત્યારે અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ એકદમ ઉઠી ગયા. અને બ્રહ્મચારીને કહે કે પાણી લાવો. આમ મહારાજે બે-ત્રણ વખત કર્યું પણ તરસ છીપી નહીં. ત્યારે બ્રહ્મચારી કહે છે કે મહારાજ વાત શું છે ? આજે આમ કેમ આપને તરસ લાગે છે ? “ત્યારે શ્રીજીમહારાજ કહે, “જાઓ, તમે સચ્ચિદાનંદ સ્વામીને બહુ તરસ લાગી છે. તેમને પાણી પાશો તો જ મારી તરસ છીપશે.” ત્યારે બ્રહ્મચારી પોતે પાણી લઈને સચ્ચિદાનંદ સ્વામીને આપે છે. ત્યારે શ્રીજીમહારાજની તરસ સંતોષાય છે. આવું શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને એકાકીપણું હોય છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૫. ભાગવતમાં પણ આવી એક વાત છે. એક વખત ગોકુળમાં દુર્વાસા મુનિ આવે છે. શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓને કહે છેઃ જાવ, તમે દુર્વાસા મુનિ માટે થાળ લઇ જાઓ. ત્યારે ગોપીઓ કહે છે કે, “રસ્તામાં યમુના નદી આવે છે. અને તેમાં પાણી અપાર છે તો જાવું કેમ?” તો શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, “તમે એમ કહેજો કે શ્રીકૃષ્ણ ભગવાન સદાય બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો.” ગોપીઓ તો ભગવાનના ભક્ત હતા તો એમને નદીને એમ કહ્યું અને તરત જ યમુનાજી એ માર્ગ આપી દીધો. પછી દુર્વાસા મુનિ જમી રહ્યા પછી ગોપીઓ એમને પૂછે છે કે, “હવે અમે પાછા કેમ જઈએ? વચ્ચમાં તો નદી આવે છે.” તો દુર્વાસા મુનિ કહે છે કે, “તમો અહીં કેમ કરીને આવ્યા?” તો જેમ ભગવાને કહ્યું હતું તેમ કહે છે. ત્યારે દુર્વાસા કહે છે કે, “તમે નદીને એમ કહેજો કે જો દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ આપજો.” અને ગોપીઓ જઈને કહે છે તો તરત જ યમુનાજી માર્ગ આપી દે છે. દુર્વાસા મુનિ સદાય ભગવાનમાં જ રહેતા અને પોતાનું સર્વે કાર્ય ભગવાન જ કરતા. જ્યારે જમતા ત્યારે તેઓ ભગવાનને જ જમાડતા અને પોતે તો સદા ઉપવાસી ઠર્યા.

આ અનાદિમુક્તની સ્થિતિ થઇ.

૬. સદ્ અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં રહેતા ત્યારે એક વાર મહારાજના દર્શને જેતલપુર આવ્યા. ત્યાં

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મહારાજના દર્શન કર્યા. તે સમયે મહારાજ પણ ખુશાલભાઈને બહુ હેત જણાવીને અત્યંત સુખ આપ્યું. પછી મહારાજ વારે વારે એમ કહેતા કે આ તો બહુ મોટા મુક્ત છે. એવામાં દામોદરભાઈ શ્રીજીમહારાજને થાળ જમવા બોલાવવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું કે તમે ગંગામાને પૂછો કે, "અમે એકલા આવીએ કે મંડળસહિત આવીએ?" ત્યારે ગંગામા એ કહેવડાવ્યું કે, "હે મહારાજ ! તમારી મરજી હોય તેમ કરો." ત્યારે મહારાજ, ખુશાલભાઈ અને મંડળસહિત આવ્યા. મહારાજ તો ખુશાલભાઈ ઉપર વારંવાર હેત જણાવે. પછી ગંગામાને કહ્યું જે, "આ તો બહુ મોટા છે. પછી શ્રીજીમહારાજે થાળના બે ભાગ કર્યા. અને અર્ધો ભાગ લઈને શ્રીજીમહારાજે ખુશાલભાઈને કહ્યું જે, "આવો, આ પંક્તિમાં પીરસો." ત્યારે મહારાજની આજ્ઞાથી ખુશાલભાઈ થાળ લઈને પંક્તિમાં પીરસવા મંડયા. ને અડધા થાળમાં સર્વે સંતને બે-ત્રણ વાર પંક્તિમાં ફરીને ખૂબ જમાડયા. આવો એમનો પ્રતાપ જોઈને ગંગામાને બહુ જ આશ્ચર્ય થયું. પછી મહારાજ અને ખુશાલભાઈ બેય ભેળા જમવા બેઠા. તે જમતાં-જમતાં મહારાજ તેમના ઉપર બહુ હેત જણાવે. તે ગંગામા પણ સામું જોઈ રહ્યા, કે આ તે કોણ છે? નવા છે પણ ચમત્કારી બહુ જ છે. તે સમે મહારાજ તથા ખુશાલભાઈ બંનેની મૂર્તિમાંથી ઝળેળાટ તેજનો સમૂહ નીકળવા માંડયો. તો બેય રૂપ મહારાજ જેવા જ દેખાણાં. એ જોઈને ગંગામા તો બહુ જ આશ્ચર્ય પામ્યાં. કે આ બેમાં મહારાજ કોણ ? પછી થોડીવાર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તેવા દર્શન દીધાં. એમ મહારાજ અને અનાદિમુક્ત જુદા નથી. તે અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા થકા સેવકભાવે સુખ ભોગવે છે. માટે મહિમા સમજવો ને સુખ તો મૂર્તિમાં જ છે. તે જોડાવાય તો સુખિયું થવાય માટે રસબસ રહેવું.

૭. ઝીણાભાઈ દરબાર પણ એવા શ્રીજીમહારાજના અનાદિમુક્ત હતા.

તેઓ પણ શ્રીહરિજીમાં રસબસ થઈને રહેતા. તો એક વખત ગઢડા આવતા હતા અને તેમની વૃત્તિઓ શ્રીહરિજીમાં લીન થઇ ગઈ. અને કાંઈ ખબર રહી નહીં. અને કૂવાના કાંઠે પહોંચી ગયા. શ્રીજીમહારાજ ત્યારે ગઢડામાં હતા. તો એકદમ મહારાજે ત્યાં પ્રગટ થઈને બાવડું ઝાલીને તાણી લીધા. આમ અનાદિમુક્તને શ્રીહરિજી સાથે આત્મબુદ્ધિ હોય છે.

૮. એકવાર ગઢડામાં પાંચસો પરમહંસની રસોઈ શ્રીજીમહારાજે અ.મુ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, અ.મુ. સ.ગુ. મુક્તાનંદ સ્વામી, અ.મુ. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી અને અ.મુ. સ.ગુ. નિત્યાનંદ સ્વામીએ ચાર સંતોને જમાડી દીધી. ત્યારે સંતોએ કહ્યું જે અમે તો એક એક પૈસાભાર જમ્યાં છીએ અને બીજું બધું તો શ્રીહરિજીની પ્રસાદી જાણી કેટલાક ધામોના મુક્તોને તાણ હતી તે સૌ જમી ગયા.

૯. અ.મુ.અવલબાઈની વાત

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અવલબાઈ મહામુક્ત હતા. તેઓ અનાદિમુક્ત હતા. એક વખત તેમને ઉપશમ થયું અને મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા. પછી તો જેમ મહારાજ બોલે એમ બોલવા લાગ્યા. એમ કહે કે, “હું સહજાનંદ સ્વામી, સર્વનો છું અંતર્યામી.” અને બધાના મનની વાતો કહેવા માંડ્યા. બધા વિચાર કરવા લાગ્યા કે આ તો ભગવાન થઇ પડયા. પછી જ્યારે થોડા દિવસમાં ઉપશમમાંથી બહાર આવ્યા ત્યારે બીજા હરિભક્તો કહે કે તમે આમ વર્તતા હતા. ત્યારે તેમને બહુ આશ્ચર્ય થયું કારણ કે એ વાતની અવલબાઈને સ્મૃતિ હતી જ નહીં.

જ્યારે અનાદિમુક્ત ભગવાનમાં જોડાઈ જાય પછી ભગવાન તેમના દેહનો પોતે ઉપયોગ કરે છે. અવલબાઈમાં રહીને ભગવાન બોલ્યા. અનાદિમુક્ત દ્વારા મહારાજ કોઈવાર બોલે તેમાં એવું નહીં માની લેવાનું કે તે ભગવાન થઇ ગયા. કેમ કે ધણીનો કોઈ ધણી નથી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૩. બાપાશ્રીની વાતો

આપણે જેમ અનાદિમુક્તોના લક્ષણોમાં અ.મુ.બાપાશ્રી જે સમજાવ્યું તે જોયું. હવે બાપાશ્રીની વાતોમાંથી આગળ સમજવાની કોશિશ કરીએ.

**૧.** જેમ જળમાં માછલાં રમે છે તેમ મુક્ત મહારાજની મૂર્તિમાં રમે છે.

**૨.** વળી મુક્ત અતિ સ્નેહે કરીને ભગવાનને વિષે લીન થઇ જાય છે એવા મુક્તને ભગવાન પોતા જેવા કરે છે. એ ભક્ત જેવા ભગવાનને જાણે તેવો સમર્થ થાય છે. આત્મસત્તાને પામ્યા પછી ભગવાનની કૃપાથી ભગવાનના તુલ્યપણાને પામે છે. અને મૂર્તિને વિષે લીન થાય છે.

**૩.** સર્વે અવતાર પુરુષોત્તમમાં લીન થાય છે. અને પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે. અહીં અવતારને અનાદિમુક્ત સમજવા. કારણ કે બીજા અવતારોને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિના દર્શન નથી.

**૪.** મીન સ્નેહી નીર, ચંદ્ર સ્નેહી ચકોર, એમ હેતે કરીને ભગવાનમાં સર્વે ઇન્દ્રિયો તણાય ત્યારે ભગવાનના ભક્તમાં મોટા ગુણ આવે છે.

**૫.** મહારાજના મોટા મુક્ત ઉપરથી સૂતા જણાય, જાગતા જણાય, જમતાં જણાય, નહાતા જણાય, બેસતા, વાતો કરતા,

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એમ સર્વે ક્રિયા કરતા જણાય, પણ તે તો મૂર્તિનું સુખ રસબસ ભાવે લીધા જ કરે છે, તેને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહીં. જેમ આકાશને પૃથ્વીનો કોઈ ઠેકાણે સબંધ નથી તેમ એ તો મહારાજની મૂર્તિમાં નિરંતર રહ્યા છે તેમને ક્યારેય પણ માયાનો સંબંધ નથી.

૬. મહારાજ અને મુક્ત જુદા નથી. જુદા સમજે એ નાસ્તિક ભાવ છે.

**૭.** જીવ, ઈશ્વર, માયા વગેરેને અનાદિ કહે છે, અને જ્યાં અનાદિમુક્તની વાત થાય ત્યારે આ નવો માર્ગ કાઢ્યો એમ બોલે, પાંચ ભેદ અનાદિ કહે તો રાજી થાય પણ મુક્તને અનાદિ કહે તો મૂંઝાય, એવું ન કરવું. આમ અ.મુ. બાપાશ્રીએ અનાદિમુક્તની સ્થિતિ સમજાવી છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૪. અ. મુ. ગુરુવર્ય નારાયણમામાશ્રી અને મુક્તો

## અ. મુ. ગુરુવર્ય નારાયણમામાશ્રી

અનાદિમુક્તરાજ શ્રી નારાયણમામાએ પોતાની વાતોમાં બહુ સરળ રીતે બધાને સમજણ પડે એમ સમજાવ્યું છે. એ આપણે જોઇએ.

**૧)** મહારાજ ને મળેલા સંત એટલે અનાદિમુક્ત. જે અખંડ શ્રીજી મહારાજ ની મૂર્તિ માં રસબસ જોડાઇ રહેલા હોય તે મળેલા કેહવાય. ( અમૃતસાગર-૨, વાત-૨, મુદ્દો-૬)

**૨)** અનાદિમુક્ત પૃથ્વી ઉપર મનુષ્ય રુપે પ્રગટ થાય ત્યારે વિશ્વના દરેક જીવોના કર્મોનું સંતુલન રાખવાની સત્તા તેઓ ધરાવે છે. આ વાતની જેને સાક્ષાત્કાર થઇને દિવ્ય દ્રષ્ટિ થઇ હોય તેને જ ખબર પડે, પણ બીજા જીવોને તેનો ખ્યાલ આવતો નથી. (૨/૨/૧૩)

**3)** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વગેરે માંથી ગમે તે એક જ અનાદિમુક્ત ને માને તો તે મહારાજ અને અનંત અનાદિમુક્તો ને જ માને છે. પણ તેમાં ભેદ નથી. IT IS ONE AND THE SAME . તે એક જ છે. (૨/૨/૧૫)

૪) અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે મુક્તનો મૂર્તિમાં પ્રવેશ થાય છે. મૂર્તિમાં મૂર્તિરૂપ થઇ સંપૂર્ણ એકતા, અનુભવ અને દિવ્ય સુખની પ્રાપ્તિ થાય છે. શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિ અનંત અગાધ સમુદ્ર જેવી ભાસે છે અને તેમાંથી તેજોમય અનંત દિવ્યસુખની છોળો ઉડે છે. મુક્તો એ દિવ્ય સુખમાં ઝીલતા હોય, સર્વત્ર હિલોળા લેતા હોય, તેમ દોટો દે છે. તે સુખ અતિ અપાર છે, તેમ અનુભવાય છે અને તે સુખમાં મુક્તોને ક્યારેય તૃપ્તિ થતી નથી. (૨/૨/૧૬)

૫) અનાદિમુક્તની સ્થિતિમાં પણ ભેદ છે. તેમાં જે સ્વસિદ્ધ અનાદિમુક્તો હોય તે શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરીને જીવમાંથી અનાદિમુક્ત થયેલાં હોતા નથી, પણ અનાદીના જ અનાદિમુક્તો હોય છે. તેમને નિત્યસિદ્ધ મુક્તો કહેવાય છે. અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ છે. અને એવા બીજા અનંત છે. શ્રીજીમહારાજ અથવા સ્વસિધ્ધ અનાદિમુક્તોના જોગે કરીને જીવમાંથી સિદ્ધદશાને પામીને અનાદિમુક્તની સ્થિતિ ને પામે તેને સિદ્ધ અનાદિમુક્ત કહેવાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સ્વસિધ્ધ અનાદિમુક્તનો ચૈતન્ય વિશિષ્ટ હોય છે અને તેમનું સુખ, જ્ઞાન, સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રકાશ, સુખ ભોગવવાની ગતિ વગેરે સિદ્ધ અનાદિમુક્ત કરતા વિશેષ હોય છે. (૨/૨/૧૬)

૬) શ્રીજીમહારાજ અને અનાદિમુક્તો દિવ્ય સાકાર અને તેજોમય છે. જ્યારે સાધકને સિદ્ધદશા પ્રાપ્ત થાય ત્યારે તેમની વાણી પણ સંભળાય છે. અને યથાર્થ સુખ અનુભવાય છે. (૨/૨/૧૯)

૭) અનાદિમુક્તો દ્વારા શ્રીજીમહારાજ પોતે જ સર્વે ક્રિયા કરતા હોય છે. મુક્તો દ્વારા બોલતા હોય છે અને આશીર્વાદ આપતા હોય છે. દા. ત. સ. ગુ. વૃંદાવન સ્વામીના મુખે શ્રીજીમહારાજ એમ બોલેલા કે, સ્વામી તો અમારા સુખમાં ઝીલે છે. અમે સ્વામિનારાયણ પોતે જ બોલીએ છીએ. (૨/૨/૨૦)

૮) અનાદિમુક્તો દ્વારા શ્રીજીમહારાજ વિવિધ અંગો બતાવતા હોય છે. કોઈ મુક્ત વૈરાગ્યનું અંગ બતાવતા હોય તો કોઈ અતિશય પ્રેમ સહિત ભક્તિ બતાવતા હોય, કોઈને જ્ઞાનનું અંગ હોય તો કોઈને આત્મનિષ્ઠાનું અંગ હોય. જેથી અનેક જીવોને સમાસ થાય. (૨/૨/૨૬)

9) અનાદિમુક્ત દ્વારા દરેક ક્રિયા કરનારા શ્રીજીમહારાજ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

હોવાથી તેમના દ્વારા બોલનારા પણ શ્રીજીમહારાજ જ છે. જે રીતે અગરબત્તી અને દીવો પોતાની સુગંધ અને પ્રકાશ ફેલાવીને વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરે છે તો મૂર્તિરૂપ એવા અનાદિમુક્તનો દિવ્ય ધ્વનિ વાતાવરણને દિવ્ય કરે છે. (૨/૨/૨૯)

**૧૦)** અનાદિમુક્ત જે પ્રતિમા સ્વરૂપની પ્રતિષ્ઠા કરે છે ત્યારે તેમાં સ્વંય પ્રભુ આવીને બિરાજમાન થાય છે. (૨/૨/૩૦)

**૧૧)** અનાદિમુક્તો પ્રભુના મુક્તાવતાર છે. પ્રભુનો સંકલ્પ સિદ્ધ કરવા જ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. Muktas are incarnations and manifestations of Lord Shree Swaminarayan. અનાદિમુક્ત છે તે પ્રભુના વ્યતિરેક સ્વરૂપના મુક્તાવતાર છે. જ્યારે બીજી વિભૂતિ અવતારો એ અન્વય સ્વરૂપના અવતારો છે. (૨/૨/૩૩)

**૧૨)** એકવાર મુક્તરાજે જણાવ્યું કે લગભગ સો વર્ષ પછી શ્રીજીમહારાજના વિશિષ્ટ સંકલ્પથી મહાઅનાદિમુક્ત ફરી પ્રગટ થશે . એ સંપૂર્ણ સ્વતંત્રતા અને સત્તા સાથે પ્રગટશે. અનેક પ્રકારના વૈવિધ્ય ભરેલા ચમત્કારો સર્જી અનંત જીવોનો સમાસ કરશે. (૨/૨/૩૯)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**૧૩)** પરમાત્માના સંકલ્પથી સિદ્ધ અનાદિમુક્તો પૃથ્વી ઉપર જ્યારે પ્રગટ થાય ત્યારે તેઓ તો પ્રભુના દિવ્ય સ્વરૂપ સંબંધી સુખમાં રહ્યા થકા જ દર્શન આપે છે. (૨/૨/૪૭)

**૧૪)** અ. મુ. નારાયણમામાશ્રી કહે છે કે, "મને ૭૫ વર્ષ થયા, પણ પ્રભુની સાક્ષીએ  કહું છું કે મને ક્યારેય મારો જન્મદિવસ યાદ નથી આવ્યો. મેં મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ જોયું કે ભોગવ્યું નથી." (૨/૨/૫૨)

**૧૫)** અનાદિમુક્ત જેમ જેમ મહારાજની સુખ વધુ ને વધુ ભોગવતા જાય તેમ તેમ તેમને દાસ ભાવ વધુ દ્રઢ થતો જાય છે. કેમ કે મહારાજની મૂર્તિના સુખનું અપારપણું જણાયા કરે છે. (૨/૨/૬૧)

**૧૬)** સર્વ કાર્યનો બધો જ યશ શ્રીજીમહારાજને જ આપવો, એ અનાદિમુક્તનું લક્ષણ છે. (૨/૨/૧૦૦)

**૧૭)** અનાદિમુક્ત તે જંગમ તીર્થ ગણાય. અનાદિમુક્તો સ્વયં પુરુષોત્તમરૂપ હોવાથી તેઓની પ્રાપ્તિ સાક્ષાત્ પુરુષોત્તમ મળ્યા તુલ્ય છે. (૨/૩/૪)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**૧૮)** અનાદિમુક્ત અનિવાર્ય સંજોગો સિવાય પ્રકૃતિના નિયમોમાં બિનજરૂરી હસ્તક્ષેપ કરતાં નથી.( ૨/૩/૮)

**૧૯)** શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તો પૃથ્વી ઉપરથી અદ્રશ્ય થયા હોય તો પણ દિવ્યરૂપે સદાય પ્રત્યક્ષ જ હોય છે. (૨/૩/૯)

**૨૦)** અનાદિમુક્તના દર્શન-સેવા-સમાગમનું ફળ અનંતગણું છે. (૨/૩/૧૨)

**૨૧)** અનાદિમુક્તની પ્રત્યક્ષ પ્રાપ્તિ થઇ હોય અને તેમણે પ્રસન્ન થઈને કૃપા વરસાવી આશીર્વાદ આપ્યા હોય તે વચનમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જોઇએ અને ક્યારેય પોતાનામાં અપૂર્ણપણું માનવું ન જોઇએ. (૨/૩/૨૦)

## અ.મુ. સદ્. વૃંદાવનદાસ સ્વામી

**૧)** અનાદિમુક્તની સ્થિતિને કોણ સમજે? તો પ્રતિલોમપણે કરીને મહારાજની મૂર્તિમાં રસબસ રહેતાં હોય તે સમજે. આમાં જે આશંકા કરે તેને દેહરૂપ જાણવાં. જે દેહરૂપ વર્તે છે એની પરભાવમાં નજર પહોંચે નહીં. માટે કોઇ દેહભાવવાળા આ વાતમાં શંકા કરે તે સાંભળીને ક્ષોભ ન પામવો. અને જાણવું છે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આની નજર પહોંચી નથી માટે આશંકા કરે છે.
(૧૪૩)

**૨)** મહારાજના અનાદિમુક્ત તો સદાય સુખભોક્તાપણે મૂર્તિમાં રસબસ રહ્યા છે અને દેખાય છે તે તો મહારાજના સંકલ્પ. ( ૧૫૨)

## અ. મુ. સોમચંદ બાપાશ્રી

**૧)** શ્રીજીમહારાજ અને આ અનાદિમુક્તો રસબસ ભેળા જ રહે છે. અને અનાદિમુક્તને સર્વ ઠેકાણે મહારાજ જ દેખાય છે. (૬)

**૨)** જેમ દેહ અને જીવ સાથે જ છે , તેમ મહારાજની મૂર્તિ આકરે આકાર, દિવ્ય તનુએ સદા દિવ્ય સાકાર અનાદિમુક્તો છે. ( જેમ દેહ અને જીવ સાથે છે તેમ મુક્ત મહારાજ સાથે છે.) (૧૯)

**3)** છેલ્લી સ્થિતિ, છેલ્લી પ્રાપ્તિ, છેલ્લુ પદ આ અનાદિની સ્થિતિ છે. (૪૩)

**૪)** મોટા મુક્ત બેઠા હોય ત્યાં સુધી સત્યયુગ કહેવાય. આવા મુક્તની છાયામાં માયા દબાઈ રહે. મોટાને તો એક મૂર્તિ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જ  જીવન હોય. પોતે ઉપરથી મનુષ્ય જેવા દેખાય પણ એ દિવ્ય મૂર્તિ છે. ( ૫૨)

૫) અનાદિુક્ત મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત, તદ્રુપ તલ્લીન રસબસ છે. એ સંપૂર્ણ સિદ્ધાંત વાત છે. (૬૯)

૬) જેમ મહારાજ દિવ્ય તેમ તેમના અનાદિમુક્તો પણ દિવ્ય છે, સનાતન છે, અને તેજોમય છે. સત્ય સંકલ્પ છે. (૭૪)

૭) મહારાજ અને મહારાજને મળેલા અનાદિમુક્ત, એ બે જ મોક્ષના દાતા ગણાય. (૭૪)

૮) અનાદિમુક્તને મૂર્તિ વિના બીજો રસ નથી. “વાલા એ રસ ના ચાખણહાર છાશ તે નવ પીવે” એ રીતે મહામુક્તો મૂર્તિના સુખ વિના કંઈ ઇચ્છતા જ નથી. ( ૮૬)

૯) છેલ્લી પ્રાપ્તિ અને છેલ્લો મુદ્દો અનાદિનો જાણવો. તેમાં બધું જ આવી જાય, ખરો આત્યંતિક મોક્ષ આ એક જ છે. ત્યાર પછી ઉત્તરોત્તર સ્થિતિમાં જેવી સ્થિતિ તેવું સુખ. (૮૬)

૧૦)અનાદિમુક્તોને પણ શ્રીહરિ અપાર અપાર અને અપાર જ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

રહે છે. (૯૪)

**૧૧)** કલ્યાણને અર્થે ભગવાન અને મહામુક્ત સાધુ (અનાદિમુક્ત) બે જ છે. (મ. ૨૧) કારણ કે મુક્તમાં કર્તાપણું મહારાજનું છે. ( ૧૦૨)

**૧૨)** બીજા જ્ઞાનમાં મૂર્તિથી પૃથક વૃત્તિ રહી જાય છે અને અનાદીની સ્થિતિમાં રસબસ હોઈ રહી રસિયા સંગ, એ પૂરું સમજાય છે. (૧૦૪)

**૧૩)** મોટા મુક્તને દેહ નથી. એમને તો એક મૂર્તિ જ છે. આપણે સિંહાસનમાં મહારાજના દર્શન કરીએ છીએ તેમ એ ચૈતન્યમાં મૂર્તિના દર્શન કરે છે. (૧૦૭)

**૧૪) અનાદિમુક્તનો મંત્ર** : અ. મુ. ચતુરબાપાનો આપેલો મંત્ર અખંડ સ્મૃતિ રૂપ કરવો જોઇએ. “**શ્રીજી મહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિ માં રાખ્યો છે, એક શ્રીજી મહારાજ જ છે.**” આ મંત્ર બરાબર સમજીને મનન થાય તો બધું જ સમજાણું જાણવું. અને આપણે મહારાજના અનાદિની પંક્તિમાં ગણાઈએ. ( ૧૨૬)

**૧૫)** સાધન કરતા કૃપાનું કામ જબરું છે. પ્રગટની પ્રાપ્તિ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વિના જીવમાંથી જીવપણું જતું નથી. અને અનાદિમુક્ત થવાતું નથી. (૧૪૮)

**૧૬)** બાપાશ્રી કહે છે કે મહારાજે બધાને અનાદિમુક્ત કર્યા છે, એ ભણતર હજું ક્યાં ભણ્યાં છો? ભણ્યાં હશો તો ગણ્યાં નહિ હો. આપણા પર શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે. આપણાને ન્યાલકરણ મળ્યા છે . એવું બોલીએ છીએ તે સમજ્યા વિના બોલાય છે કે સમજીને? તેનો હૃદયમાં તપાસ કરવો. આમ સાધન કરતા કરતા કૃપા થશે. (૧૫૨)

**૧૭)** મહારાજ જેવા બીજા ભગવાન નહિ અને અનાદી જેવી બીજી કોઇ સ્થિતિ નહિ. (૧૬૦)

**૧૮)** એકાંતિકપણું ક્યારે આવે? તો ધર્મ ,જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ સિદ્ધ કરે તો. પછી પરમ એકાંતિક ને અનાદીની સ્થિતિ મહારાજ ને મોટાની દયાથી આવે. (૧૬૩)

**૧૯)** અનાદિમુક્તના ભાવમાં મહારાજ વિના બીજી વસ્તુ જ નથી. એટલે વધુમા વધુ મૂર્તિના સંબંધે યુક્ત પોતાને માનવું. જેટલું રહેવાય તેટલું મૂર્તિ ભેળું રહેવાય તેમ વર્તવું. (૧૭૬)

**૨૦)** અનાદિની સ્થિતિએ સાધનનું ફળ નથી પણ કૃપાનું ફળ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

છે. (૧૭૮)

**૨૧)** અનાદીનો અર્થ એટલે સ્થિતિ થવાની છે એમ નહીં પણ થઇ ગયેલ છે એમ. (૧૭૮)

**૨૨)** અનાદિમુક્તની સ્થિતિ એ તો કેવળ કૃપાથી જ થાય, સાધન તો ઉપકરણ છે. તે જોઈએ ખરા પણ બધું કામ સાધનથી ન થાય. સાધનથી કૃપા થાય અને કૃપા થતા પ્રાપ્તિ થાય. (૧૯૫)

**૨૩)** આપણો ચૈતન્ય અનાદિમુક્તના ભાવે સળંગ મૂર્તિ આકારે થઈ મૂર્તિ જુવે છે એટલે સત્સંગનો ખરો દિવ્ય ભાવ સમજાયો કહેવાય અને એ જ આપણું ખરું બેસતું વર્ષ અર્થાત્ મૂર્તિ કહેવાય. ( ૨૩/૧૦/૧૯૫૨, સં. ૨૦૦૯)

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૫. અનાદિમુક્તની સ્થિતિના ભેદ

અનાદિમુક્તની સ્થિતિમાં પણ ભેદ હોય છે . એ આપણે આગળ જોઈ ગયા. અ.મુ. નારાયણમામાશ્રીએ આપણેને સમજાવ્યું છે.

**૧) સ્વયંસિદ્ધ અનાદિમુક્ત:** તેઓ અનાદિકાળ થી જ અનાદિમુક્ત હોય છે , અને શ્રીજીમહારાજનું ધ્યાન -ભજન કરી ને જીવમાંથી અનાદિમુક્ત થયા નથી . જો એમ ન હોય અને તે જીવમાંથી અનાદિમુક્ત થયા એમ માનીએ તો ક્યારેક તો શ્રીજીમહારાજ એકલા જ અક્ષરધામમાં વિરાજમાન હતા એમ પુરવાર થાય. પણ તેમ નથી . શ્રીજીમહારાજ મુક્તો સહિત હંમેશા ધામમાં બિરાજમાન હોય છે. આવાં મુક્તોને નિત્ય મુક્ત કે સ્વસિદ્ધ અનાદિમુક્ત કહેવાય છે. સ્વસિદ્ધ અનાદિમુક્તના ચૈતન્ય વિશિષ્ટ હોવાથી, તેઓ એકકાળવિછિન્ન સમગ્ર મૂર્તિનું સુખ ભોગવે છે. માટે તેમનું સુખ, જ્ઞાન , સામર્થી, ઐશ્વર્ય પ્રકાશ, સુખ ભોગવવાની ગતિ સિદ્ધ અનાદિમુક્ત કરતા વિશેષ હોય છે.

**૨) સિદ્ધ અનાદિમુક્ત:** જે મુક્તો શ્રીજીમહારાજ નું ધ્યાન-ભજન કરીને જીવમાંથી અનાદિમુક્ત થાય તેમને સિદ્ધ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિમુક્ત કહેવાય. આ મુક્તો શ્રીજીમહારાજના એક એક અંગમાંથી સુખ ભોગવે છે. શ્રીજીમહારાજના એક એક અંગમાંથી સુખ ભોગવતા કોટી કોટી કલ્પ વીતી જાય ત્યાર બાદ બીજા અંગમાંથી સુખ ભોગવે છે. એમ કરતા કરતા આગળ વધતા જાય છે. વળી જે મુક્ત સાધન કરીને આગળ આવ્યા હોય તેમની સુખ ભોગવવાની ગતિ જે મુક્ત ફક્ત કૃપાથી જ અનાદિમુક્ત થયા હોય તેમના કરતા વિશેષ હોય છે.

આમ અનાદિમુક્તમાં પણ ભેદ હોય છે. મહારાજની મૂર્તિનું સુખ સરખું, પણ ભોગવવાની શક્તિ જુદી-જુદી!! જેમ ભોજન બધાને સરખું પીરસ્યું હોય, પણ ખાવાની અને પચાવાની શક્તિ જુદી તેમ!!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૬. છેલ્લા વર્તમાન

છેલ્લા વર્તમાન એટલે શું? એ છેલ્લી સ્થિતિના વર્તમાન છે. વર્તમાન ધરાવીને સત્સંગી થયા. પછી સત્સંગ કરીને એકાંતિક થઇને બરોબર લાયક થઇએ ત્યારે અનાદિમુક્ત જીવમાં મૂર્તિ ને પધરાવી દે અને મહારાજ સાથે રસબસ ભાવે જોડી દે. એ જ છેલ્લા વર્તમાન!! મોટા પુરુષો પોતાના ઉદાહરણ દ્વારા આપણને સમજાવતા હોય છે. પૂર્ણ મુક્તોને કાંઈ કરવાનું બાકી હોતુ નથી પણ પોતે બીજા જીવોના કલ્યાણને અર્થે મનુષ્યલીલા કરતા હોય છે. કહ્યું છે ને કે:

**મહા જનો યેન ગતઃ સ પન્થાઃ**

એ ન્યાયે, અ. મુ. ગુરુવર્ય નારાયણમામા તો સ્વસિધ્ધ અનાદિમુક્ત હતા. તે તો મહારાજની મૂર્તિમાં રમણ કરનારા મુક્ત હતા. તેમને આપણાં જેવા જીવોના કલ્યાણને અર્થે મહારાજે અહીં મોકલ્યા હતા. બધાને છેલ્લા વર્તમાન સમજાવવા માટે તે લીલા કરે છે.

એક વખત સદ્ અ.મુ.ઈશ્વરચરણદાસ સ્વામીએ ગુરુવર્ય અ.મુ. નારાયણમામાને છેલ્લા વર્તમાન સમજવા માટે સદ્ અ.મુ. વૃંદાવનદાસ સ્વામી પાસે મોકલ્યા. ત્યારે સદ્ અ.મુ.વૃંદાવનદાસ સ્વામીએ અ.મુ. નારાયણમામાશ્રીને અનાદિમુક્તની સ્થિતિ સમજાવીને પ્રતિલોમ ધ્યાન કરાવી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મહારાજના દિવ્ય સાક્ષાત્કાર દર્શન કરાવ્યા. અને પછી બોલ્યા જે "આને છેલ્લા વર્તમાન કહેવાય! " અર્થાત્ આ છેલ્લી દિવ્ય સ્થિતિ.

મુક્તોનું કહેવું અહીં એમ છે કે . જો અક્ષરધામનું તેજ દેખાતું હોય અને મૂર્તિ ન દેખાતી હોય, તો અકળાઇ જવું. અને આગળ વધવું. જો મહારાજની મૂર્તિના સાક્ષાત્કાર દર્શન થાય તો પણ આગળ વધવું અને મહારાજની મૂર્તિ સાથે રસબસ થઇ ને એકતા થાય એવી સ્થિતિને પ્રાપ્ત કરવી. એ જ છેલ્લા વર્તમાન અને એ જ છેલ્લી સ્થિતિ!!!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૭. ઉપસંહાર

છેલ્લે **અ.મુ.ડૉ.બિપીનભાઈ સ્વદાસે** રચેલ કીર્તન જેમાં અનાદિમુક્તની સ્થિતિ વર્ણવી છે જે,

કરી કૃપા શ્રીજી! અમ પર અકારણ વરસ્યા
સ્વમુક્ત દ્વારાએ, અઢળક સ્વયં આપ ઢળીયા
અમારા ચૈતન્ય પર, પરમ દયા કરી મુક્ત કરિયા
કર્યા દિવ્યાકારે તમ, સરિખ સાકાર બળિયા
અતિ કૃપા કીધી, રસબસ કરી લીન કરિયા
અનાદિમુક્તો, શ્રીજી સ્વરૂપના દાસ બનિયા
રૂંવાડે રૂંવાડે, સ્વરૂપ સુખના સિંધુ ઉલટ્યા
હવે એકાએકી, બસ શ્રીજીમહારાજ વસિયા.

અંતે **અ.મુ. ગુરુવર્ય નારાયણમામાએ આપેલ મંત્ર**થી વિરમું છું.

**બ્રહ્માહમ્ સ્વામિનારાયણ દાસોસ્મિ**

**સ્વામિનારાયણ સ્વરૂપોસ્મિ**

**સ્વામિનારાયણઃ નમઃ ||**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# ૧૮. સંદર્ભગ્રંથો

૧. અ.મુ. અબજીબાપશ્રીની વાતો

૨. અ.મુ. મુનિસ્વામીની વાતો

3. વચનામૃત

૪. અ.મુ. સદ્ ગોપાળાનંદ સ્વામીની વાતો

૫. અ.મુ. સદ્ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

૬. અ.મુ. સદ્ બ્રહ્માનંદ સ્વામીના કાવ્યો

૭. અ.મુ. નિષ્કુળાનંદ કાવ્ય

૮. અ.મુ. સદ્ ભૂમાનંદ સ્વામીરચિત ઘનશ્યામની લીલામૃત સાગર

૯. અ.મુ. સદ્ મુક્તાનંદ સ્વામી કાવ્ય

૧૦. શિક્ષાપત્રી

૧૧. સત્સંગીભૂષણ

૧૨. અ.મુ. સદ્ આધારાનંદ સ્વામીનો ગ્રંથ

૧૩. હરિલીલામૃત

૧૪. અમૃતસરીતા

૧૫. સત્સંગીજીવન

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

૧૬. ભગવદ્દગીતા

૧૭. શ્રીમદ્દભાગવત

૧૮. અમૃતસાગર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પરિશિષ્ટ

## મહાઅનાદિમુક્ત શ્રી અબજીબાપા

કચ્છ દેશમાં શ્રીજીમહારાજ સાત વર્ષ વિચરણ કરીને ભૂમિ પવન કરી. બળદિયા ગામમાં કાળી તળાવડીને કાંઠે સભા કરી હતી. આ પવિત્ર ભૂમિમાં ભક્ત પાંચાભાઇ અને દેવુબા શ્રીજીમહારાજના કૃપાપાત્ર હતા. દેવુબાનો દરરોજનો નિયમ. સવારે વહેલા ઉઠીને કાળી તળાવડીએ પ્રભુસ્મરણ કરતા જાય અને સર્વે ક્રિયા બાદ શ્રીજીમહારાજનું ધ્યાન પથ્થર ઉપર બેસી નિત્ય કરતાં. આવા એક શુભ અવસરે જ્યારે દેવુબાશ્રી ધ્યાન કરતાં હતા ત્યારે શ્રીજીમહારાજે દર્શન દીધા. શ્રીજીમહારાજે બાશ્રીને કહ્યું, 'માગ! માગે તે આપું.' ત્યારે દેવુબાએ શ્રીજીમહારાજનું સુંદર રૂપાળું તેજોમય સ્વરૂપ નિહાળી કચ્છી ભાષામાં કહ્યું જે, "તમ જેવા પુત્ર ખપે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, 'અમ જેવા તો અમે એક જ છીએ પરંતુ અમારા અનાદિમુક્ત તમારે ત્યાં જન્મ લેશે. તે અમારા જેવા કહેવાય અને અબઘડીએ આવશે તો તેનું નામ અબજી રાખશો!! તે આપણા અનાદિ મુક્તરાજ શ્રીઅબજીબાપા.

એક વખત ભુજથી મહાસમર્થ અ.મુ. સદ્ સ્વામીશ્રી અચ્યુતદાસજી પોતાના મંડળે સહીત શ્રીજીમહારાજની ઈચ્છાથી વૃષપુર (બળદિયા)માં આવ્યા. ત્યારે મુક્તરાજ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

બાપાશ્રીના પિતા પાંચાભાઇ સ્વામીને મોટા સમર્થને નિરાવરણ દ્રષ્ટિવાળા જાણીને પોતાના પુત્રને વર્તમાન ધરાવવાને નામકરણ વિધિ કરાવવું સારું સ્વામીશ્રી પાસે બોલાવ્યા. ત્યારે સ્વામીશ્રી અચ્યુતદાસજીને બાળસ્વરૂપ મુક્તના મુખ સામું બે ઘડી જોઈ રહ્યાને ઓળખી લીધા. પછી તો મુક્તરાજનો જમણો હસ્ત પોતાના હાથમાં લઈને તેમાં ચિહ્ન જોઈને અતિ પ્રસન્ન થયા. ને જળ રેડીને સ્વામિનારાયણ એ ષડાક્ષર મંત્ર બોલીને વર્તમાન ધરાવ્યા. ત્યારબાદ સ્વામીએ બાળસ્વરૂપ મુક્તના કંઠને વિષે તુલસીના મણકાની બેવડી માળા પહેરાવી અને ભાલને વિષે કુમકુમના ચાંદલા સહિત કેસરચંદનનું ઊધ્વપુંડ્ર તિલક કર્યું. અને સ્વામીશ્રીએ તેમનું નામ અબજીભાઈ પાડયું. એ નામનો સમાયેલો ગર્ભિત અર્થ એક છંદ દ્વારા જણાવ્યોઃ

**"અક્ષરકોટી પર પુરુષોત્તમની મૂર્તિમાં રહી જોડાઈ,**
**બહુજનને કરવા હરિ સન્મુખ એ જેની છે વડાઈ**
**જીવનદાતા સત્સંગીના, જેની કીર્તિ અતિ ગવાઈ,**
**ભ્રાતા વત હિતચિંત જનના, નામ રૂડું શ્રી અબજીભાઈ.**

વળી સ્વામીશ્રીએ કહ્યું કે તમારા પુત્ર બહુ મોટા અને બહુ સમર્થ છે. બધોય સત્સંગ દીપાવશે અને કંઈકના કલ્યાણ કરશે. એમ ઘણો રાજીપો દેખાડયો.

સૂર્ય ઊગે ત્યારે કેહવું ન પડે. તેમ મહામુક્તરાજ પ્રગટ થાય

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ત્યારે પાત્ર પ્રમાણે મુમુક્ષુઓ તેમના તરફ આકર્ષાય છે. લોહચુંબક લોહને આકર્ષે તેમ આજુબાજુના ગામ તથા દૂરદૂરના હરિભક્તો દર્શન કરવા આવતા. બાપાશ્રી ઘણી વખત સમાધિમાં જતા રહેતા તો દિવસો ને દિવસો સુધી સમાધિમાં રહેતા. આ સમાધિકાળ તો પાંચ-દસ દિવસ સુધી રહેતો. પછી તો આ સ્વતંત્ર સમાધિમાં રૂપાંતર થયું. અને ત્રણેય કાળમાં એક જ દિવ્ય સ્થિતિ વર્તતી. પોતાની સમાધિ સ્થિતિ વિષે બાપાશ્રીએ સ્વયં કહ્યું જે, 'અમે તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છીએ. ને તેમની મૂર્તિમાં રહીને અખંડ સુખ ભોગવ્યા કરીએ છીએ. પણ મૂર્તિમાં રહ્યા છીએ એ કોઈને નજરે દેખાય નહીં. માટે ખેંચાણ ન થાય. તેથી અનેક જીવનો સમાસ અર્થે પહેલા સમાધિ કરી અમારી સ્થિતિની સૌને પ્રતીતિ કરાવી અને હવે મોટા યજ્ઞ-પારાયણોનું આયોજન કરી, ગામોગામથી હજારો સંત હરિભક્તોને તેડાવી શ્રીજીમહારાજનો પ્રતાપ જણાવી તેમની મનોરમ દિવ્યમૂર્તિનું સર્વેને સુખ આપી એ છીએ. અમે તો લાખો જીવોને મહારાજના સુખમાં પહોંચાડવા આવ્યા છીએ.' બાપાશ્રીએ છેલ્લા જન્મના આશીર્વાદ અનેક હરિભક્તોને આપ્યા.

"જેને જોઈએ તે આવો મોક્ષ માંગવાને રે લોલ." એમ બાપાશ્રીએ તો મોક્ષનું સદાવ્રત ચાલુ કરી દીધું. બાપાશ્રી સભામાં કહેતા, કે જેને ધામમાં જવું હોય તો તે આંગળી ઊંચી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કરે. જેટલા આંગળી ઊંચી કરતા તે બધાને બાપાશ્રી ધામમાં મોકલી આપતા. બાપાશ્રી એમ કેહતા કે અમારે કરોડો મનવારો ભરીને જીવોને ધામમાં લઇ જવા છે. તો પહેલા હીરામાણેકના ટોપલાં ભરીશું, પછી સોના-રૂપાના ટોપલાં ભરીશું અને છેલ્લે ગારાના પણ ટોપલાં ભરીશું. શ્રીજીમહારાજ અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની જેમ બાપાશ્રીએ પણ કેવળ અનેકના કલ્યાણ અર્થે ઐશ્વર્ય પ્રતાપ જણાવ્યો હતો. જેમ કે, એક સ્થળે રહ્યા થકી બીજે સ્થળે દર્શન દેવા, હેતવાળા ભક્તજનોને અંત સમયે શ્રીજીમહારાજ ભેળા દર્શન દઈ ધામમાં તેડી જવા. કોઈને વાયદો દેવો કે આ સમયે તેમને તેડી જઈશું. કોઈને આયુષ્ય થઇ રહી હોવા છતાં દેહમાં રાખવા અને કોઈને આયુષ્ય હોવા છતાં દેહ છોડાવી સુખમાં લઇ જવા. યજ્ઞ-સમૈયા આ વખતે સીધું સામાન કે રસોઈ ખૂટવા ન દેવી. તેમજ પારાયણ ચાલતી હોય તે વખતે જો વરસાદ આવે તો જે ગામમાં પારાયણ હોય તે ગામની ફરતો વરસાદને વરસવા દે પણ તે ગામમાં વરસાદને વરસવા ન દેતા. અસદ્ગતિને પામેલા અસંખ્યજીવોને પળવારમાં માયાના બંધન થકી છોડાવી તેમનું કલ્યાણ કરતા.

બાપાશ્રીએ જ્યાં દેવુબાને શ્રીજીમહારાજે દર્શન દીધા હતા ત્યાં શ્રીજીમહારાજના ચરણાવીંદ પધરાવીને છત્રી અને સુંદર મજાનું મંદિર કર્યું છે. ત્યાં તેમને આશીર્વાદ આપતા કહ્યું છે કે, ‘આ છત્રીના કોઈ દર્શન કરશે તથા તેની ઉપરથી કોઈ પંખી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઉડશે તેનું આત્યંતિક કલ્યાણ અમે કરીશું.' એમ એવો શીલાલેખ છત્રી ઉપર હજી પણ છે. આમ બાપાશ્રીએ આપણા પર કૃપા કરીને મોક્ષનું સદાવ્રત ખોલી કાઢ્યું છે.

"અગણિત સંતો ને મુક્તો ધામ થકી લાવ્યા." બાપાશ્રી જ્યારે પૃથ્વી ઉપર પધારેલા ત્યારે અગણિત સંતો ને મુક્તો તેમની સાથે પધારેલા. સદ્ અ.મુ. ઈશ્વરચરણદાસ સ્વામી, સદ્ અ.મુ. વૃન્દાવનદાસ સ્વામી, સદ્ અ.મુ. મુનિસ્વામી તથા અ.મુ. કેશરાબાપા, અ.મુ. કાનજીબાપા, અ.મુ. જાદવજીબાપા, અ.મુ. નારાયણમામા, અ.મુ. સોમચંદબાપા, અ.મુ. મનસુખબાપા, અ.મુ. ચતુરબાપા વગેરે નિરાવરણ સ્થિતિવાળા મોટા અનાદિમુક્તો હતા. તેમજ કચ્છ, સિંધ, કાઠીયાવાડ તથા ગુજરાતમાં અનેક મુકતો હતા .

સદ્ અ.મુ. ઈશ્વરચરણદાસ સ્વામીએ બાપાશ્રીની વાતો લખીને બે ભાગમાં પ્રસિદ્ધ કરી છે. તે આજ આખા સત્સંગ સમાજને દીવાદાંડીની માફક અક્ષરધામનો માર્ગ બતાવે છે. વળી બાપાશ્રીએ શ્રીહરિ વાણી વચનામૃત ઉપર રહસ્યાર્થ ટીકા કરીને બે ગ્રંથોમાં સદ્ અ.મુ. ઈશ્વરચરણદાસ સ્વામીએ લખ્યા છે. તેમાં વચનામૃતનું ઊંડું તત્વજ્ઞાન બાપાશ્રીએ સાવ સરળ ભાષામાં સમજાવી દીધું છે. બાપાશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું છે કે જે આ વચનામૃત રહસ્યાર્થની પાંચ વખત પારાયણ કરશે તેને અમે અક્ષરધામમાં લઇ જશે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મુક્ત મુમુક્ષુને પોતાનામાં જોડે. એ તો મુમુક્ષુને શ્રીજીમહારાજમાં જ જોડે. તેમ બાપાશ્રી કેહતા કે આજ હજુરી (ભોમિયો) પધાર્યા છે તે ઠેઠ મહારાજની મૂર્તિમાં સુખ લઇ જશે.

જેમ શ્રીજીમહારાજનો મહિમા અપાર છે તેમ અનાદિમુક્તનો પણ મહિમા અપાર છે. તેનું આપણે શું વર્ણન કરી શકીએ ? આ પુસ્તક ધ્વારા માર્ગ બતાવવાં નો પ્રયાસ કર્યો છે. વધુ માહિતી મેળવવા માટે Shri SWAMINARAYAN Divine Mission અથવા Abajibapa Chhedi ની વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાય.

**જય શ્રી સ્વામિનારાયણ!!**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

બ્રહ્માહમ્ સ્વામિનારાયણ દાસોસ્મિ

સ્વામિનારાયણ સ્વરૂપોસ્મિ

સ્વામિનારાયણઃ નમઃ ||

પ્રકાશક: narayanleela.org